સત્યમેવ જયતે

નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO (CRL)N0.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના Rule 179 A અન્વયે નોટીફીકેશન નંબર–સી–૨૦૦૧–૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલા પ્રફોર્મા મુજબ.

સત્ય મેવ જયતે

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૨૬/૦૮/૨૦૨૨ | | |
| કેસ નોંધ્યા તારીખ | ૨૬/૦૮/૨૦૨૨ | | |
| કેસ નિકાલ તારીખ | ૧૮/૦૭/૨૦૨૬ | | |
| સમય અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૧૦ | ૨૩ |

**લીંબડીના મહેરબાન સ્પેશ્યલ (પોકસો) અને એડીશ્નલ સેશન્સ જજ (શ્રી એમ.ડી.પાંડેય) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ ::– લીંબડી**

**(ચુકાદાની તારીખ– ૧૮/૦૭/૨૦૨૬)**

| |
|---|
| **સ્પેશ્યલ પોકસો કેસ નંબર–૭૦/૨૦૨૨** |
| **આંક–** |

**એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશનના**

પોલીસ સ્ટેશન :– પાણશીણા પોલીસ સ્ટેશન.

ગુના રજીસ્ટર ::–પાણશીણા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર– ૧૧૨૧૧૦૪૦૨૨૦૧૦૫/૨૦૨૨

**ગુનો::**–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨), જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ– ૩(એ),૪,૧૮, ધી ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ– ૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ–૨૦૧૫ની કલમ–૩(૨)(૫–અ),૩(૧)(ડબલ્યુ)(૧) મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી | ::– સરકારશ્રી |

| | |
|---|---|
| ફરીયાદપક્ષેથી | ::–વિદ્વાન એડી.પી.પી.શ્રી વાય.જે.યાજ્ઞીક |

**–:: વિરૂધ્ધ ::–**

| | |
|---|---|
| આરોપી ::– | **રોહીતભાઇ ધનજીભાઇ રાઠોડ,**<br>ઉ.વ.આ.૨૫,રહે.બળોલીયા શેરી, બળોલ,<br>તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર |

| |
|---|
| આરોપી તરફેથી વિદ્વાન વકીલશ્રી **::– એન.વી.શુકલ.** |

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુનો બન્યાની | તારીખ**::– ૧૭/૦૧/૨૦૨૨** |
| પ્રથમ માહિતી અહેવાલ | તારીખ**::– ૦૯/૦૭/૨૦૨૨** |
| ચાર્જશીટ દાખલ થયા | તારીખ**::– ૨૬/૦૯/૨૦૨૨** |
| તહોમતનામું ઘડયાની | તારીખ **::– ૨૮/૧૧/૨૦૨૪** |
| પુરાવો શરૂ કર્યાની | તારીખ **::– ૧૮/૧૨/૨૦૨૪** |
| ચુકાદો આપ્યાની | તારીખ **::– ૧૮/૦૭/૨૦૨૬** |
| સજાના હુકમની જો કોઇ હોય તો, તારીખ **::– ––** | |

**–:: આરોપીની વિગતો ::–**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **અટક થયાની તારીખ** | **જામીન મુકત થયા તારીખ** | **ચાર્જ પ્રમાણેનો ગુન્હો** | **શું નિર્દોષ / તકસીરવાન** | **સજા** | **ટ્રાયલ દરમ્યાન કેસમાં ગુજારેલ સમય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ માટે** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | રોહીતભાઇ ધનજીભાઇ રાઠોડ, રહે.બળોલીયા શેરી,બળોલ, તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર | ૧૧/૦૭/૨૦૨૨ | ૨૮/૦૩/૨૦૨૩ | ઇ.પી.કો.ક. ૩૬૩,૩૭૬(૨)(જે)(એન), ૫૦૬(૨), પોકસો એકટની કલમ– | પુરાવાના અભાવે છોડી મુકયા. | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩(એ),૪, ૧૮,આઇ.ટી.એકટની કલમ-૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ-૨૦૧૫ની કલમ-૩(૨)(૫-અ),૩(૧)(ડબલ્યુ)(૧) | | | |

**-:: ફોર્મ-સી ::-**

(એ) **ફરીયાદપક્ષના સાહેદોનું લીસ્ટ ::-**

| સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનારની જુબાની | ભોગ બનનાર | ૦૭ |
| ૨. | ભોગ બનનારના પિતાની જુબાની | ફરીયાદી | ૧૩ |
| ૩. | ભોગ બનનારના માતાની જુબાની | સાહેદ | ૧૫ |
| ૪. | ભોગ બનનારના દાદાની જુબાની | સાહેદ | ૧૬ |
| ૫. | ભોગ બનનારના કાકાની જુબાની | સાહેદ | ૧૭ |
| ૬. | ભોગ બનનારના કાકાની જુબાની | સાહેદ | ૧૮ |
| ૭. | સ્વતંત્ર સાહેદ - શીવજીભાઇ જીવણભાઇ રાઠોડની જુબાની | સાહેદ | ૧૯ |
| ૮. | સ્વતંત્ર સાહેદ-પ્રીતીબેન લાલજીભાઇ મકવાણાની જુબાની | સાહેદ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૯. | સ્વતંત્ર સાહેદ–નીતાબેન લાલજીભાઇ મકવાણાની જુબાની | સાહેદ | ૨૧ |
| ૧૦. | ડો.સુનિલ પ્રવિણભાઇ ભંડેરીની જુબાની | આરોપી અને ભોગ બનનાર ની તપાસણી કરનાર મેડી. ઓફી. | ૨૨ |
| ૧૧. | ડો.કોમલ વિનુભાઇ ઘાટલીયાની જુબાની | ભોગ બનનાર ની તપાસણી કરનાર મેડી. ઓફી. | ૩૧ |
| ૧૨. | જીતાબેન અમૃતલાલ ગોહીલની જુબાની | ત.ક.મંત્રી | ૩૫ |
| ૧૩. | જયદિપસિંહ ઘનશ્યામસિંહ ઝાલાની જુબાની | તાલુકા વિકાસ અધિકારી | ૩૮ |
| ૧૪. | જયંતીભાઇ વાલાભાઇ સોલંકીની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ | ૪૦ |
| ૧૫. | અભુભાઇ ચતુરભાઇ સોલંકીની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ | ૪૨ |
| ૧૬. | અજીતસિંહ કેશરીસિંહ ઝાલાની જુબાની | આરોપીના અટક તથા મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ | ૪૩ |
| ૧૭. | રામજીભાઇ ટપુભાઇ સારોલાની જુબાની | આરોપીના અટક તથા મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ | ૪૫ |
| ૧૮. | ચંદુભા લાખુભા ઝાલાની જુબાની | ભોગ બનનારના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ | ૪૬ |
| ૧૯. | લાભુભાઇ મગનભાઇ રાઠોડની જુબાની | ભોગ બનનારના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ | ૪૮ |
| ૨૦. | મહાવીરસિંહ ગંભીરસિંહ ઝાલાની જુબાની | ભોગ બનનારના સેમ્પલ કબ્જે કર્યાના પંચનામાના પંચ | ૪૯ |
| ૨૧. | જેસંગભાઇ ગોરધનભાઇ પરમારની જુબાની | ભોગ બનનારના સેમ્પલ કબ્જે કર્યાના પંચનામાના પંચ | ૫૧ |
| ૨૨. | દિશાબેન ભાવીનભાઇ ચાંગેલાની જુબાની | સાયન્ટીફીક | ૫૨ |

| | | | |
|---|---|---|---|
| | | ઓફીસર | |
| ૨૩. | ચેતનકુમાર પ્રભુભાઇ મુંધવાની જુબાની | ત.ક.અધી. | ૫૭ |
| ૨૪. | ફરિ. લેનાર ક્રીષ્નાબા હમીરભાઇ ઝનકાતની જુબાની | ફરી.લેનાર | ૬૯ |

**(બી) બચાવ પક્ષના સાહેદ ::–**

બચાવપક્ષે કોઇ સાહેદો તપાસવામાં આવેલ નથી.

**(સી) કોર્ટ તરફે સાહેદો ::–**

કોર્ટ તરફે કોઇ સાહેદો તપાસવામાં આવેલ નથી.

**–:: દસ્તાવેજી પુરાવાઓ::–**

**(એ) ફરીયાદપક્ષે દસ્તાવેજોનું લીસ્ટ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ મુજબનું નિવેદન | ૦૮ |
| ૨. | ભોગ બનનારનાં ફેસબુક આઇડીના ફોટા | ૧૧ |
| ૩. | ભોગબનનારનુ જાતીનું પ્રમાણપત્ર | ૧૨ |
| ૪. | અસલ ફરિયાદ | ૧૪ |
| ૫. | ભોગ બનનારની મેડી.તપાસણી અંગેની પોલીસ યાદી | ૨૩ |
| ૬. | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૨૪ |
| ૭. | ભોગ બનનારના સેમ્પલ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૨૫ |
| ૮. | ભોગ બનનારનુ ફેરબદલી ફોર્મ તથા ઓ.પી.ડી. કેસ પેપર | ૨૬ |
| ૯. | ભોગ બનનારના સેમ્પલો લેવા અંગેની પોલીસ યાદી | ૨૭ |
| ૧૦. | આરોપીનુ સારવાર સર્ટીફીકેટ | ૨૮ |
| ૧૧. | આરોપીના સેમ્પલ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૨૯ |
| ૧૨. | આરોપીના ઓ.પી.ડી. કેસ પેપર | ૩૦ |
| ૧૩. | ભોગ બનનારની મેડી.તપાસણી અંગેની પોલીસ યાદી | ૩૨ |

| | | |
|---|---|---|
| ૧૪. | ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ | ૩૩ |
| ૧૫. | ભોગબનનારના સેમ્પલ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૩૪ |
| ૧૬. | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઇ કરવા અંગેની પોલીસ યાદી | ૩૬ |
| ૧૭ | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઇ કર્યા અંગેનું ત.ક.મંત્રીશ્રીએ આપેલ પ્રમાણપત્ર | ૩૭ |
| ૧૮ | ભોગબનનારનુ જાતીનું પ્રમાણપત્ર મેળવવા માટેની પોલીસ યાદી | ૩૯ |
| ૧૯ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૪૧ |
| ૨૦ | આરોપી અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૪૪ |
| ૨૧ | ભોગબનનારના કપડા કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૪૭ |
| ૨૨ | ભોગબનનારના મેડીકલ સેમ્પલો કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૫૦ |
| ૨૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ | ૫૩ |
| ૨૪ | મુદ્દામાલ પૃથકકરણ અહેવાલ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૫૪ |
| ૨૫ | મુદ્દામાલ પૃથકકરણ અહેવાલ | ૫૫–૫૬ |
| ૨૬ | તપાસ ડેપ્યુટ હુકમ | ૫૮ |
| ૨૭ | તા.વિ.અ. લીંબડીનાઓએ ભોગબનનારના જાતીના પ્રમાણપત્રની ખરાઇ કરી પોલીસને કરેલ ફોરવર્ડીંગ પત્ર | ૫૯ |
| ૨૮ | મુદામાલ એફ.એસ.એલ.કચેરી રાજકોટ ખાતે મોકલ્યાની રવાનગી નોંધ | ૬૦ |
| ૨૯ | કોલ ડીટેઇલ મેળવવા પોલીસ યાદી | ૬૧ |
| ૩૦ | ભોગ બનનારનું ક્રિ.પ્રો.કો.ક.૧૬૪નું નિવેદન નોંધવા જયુ.મેજી.ફ.ક.શ્રી વઢવાણને લખેલ પત્ર | ૬૨ |
| ૩૧ | જયુ.મેજી.ફ.ક.શ્રી,વઢવાણનો પત્ર | ૬૩ |
| ૩૨ | ભોગબનનારને જયુ.મેજી.ફ.ક.શ્રી વઢવાણનાઓ સમક્ષ હાજર રખાવ્યા અંગેની પોલીસ યાદી | ૬૪–૬૫ |
| ૩૩ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર | ૬૫ |

| | | |
|---|---|---|
| ૩૪ | ભોગબનનારનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ | ૬૬ |
| ૩૫ | ભોગબનનારનું ખોટું ફેસબુક આઇડી પેજ ૧ થી ૩ | ૬૮ |

(બી) <u>બચાવપક્ષે લીસ્ટ ::-</u>

બચાવપક્ષે કોઇ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી.

(સી) <u>કોર્ટ તરફે ::-</u>

કોર્ટ તરફેથી કોઇ સાહેદો તપાસવામાં આવેલ નથી.

**-:: <u>ચુ કા દો</u> ::-**

**(૧)** જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨માં ભોગ બનનારની ઓળખ છતી ન થાય તે બાબતે કરવામાં આવેલ જોગવાઇઓ તથા નામદાર સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ પુત્તારાજા, એ.આઈ.આર.૨૦૦૪, સુ.કો. પાના નં.૪૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,''બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં લખવું જોઇએ નહી." જેથી,જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨માં કરવામાં આવેલ જોગવાઇઓ તેમજ નામ.સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતને આધારે આ જજમેન્ટમાં ભોગ બનનારનું નામ કોઇ જગ્યાએ જણાવેલ નથી અને તેણીને ફકત ભોગ બનનાર તરીકે સંબોધેલ છે.

**(૨)** આ કામના ફરીયાદીની ફરીયાદના આધારે પાણશીણા પો.સ્ટે.નાં અમલદારશ્રી પો.સબ ઇન્સ.શ્રી ક્રિષ્ણાબેન હમીરભાઈ ઝણકાતનાએ આ કામના આરોપી વિરૂદ્ધ પાણશીણા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૦૨૨૦ ૧૦૫/૨૨થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩,૩૭૬(૨)(જે),૩૭૬(૨)(એન),૫૦૬(૨),જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ કલમ-૩(એ),૪,૧૮,ધી ઇન્ફર્મેશન

ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ–૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ–૨૦૧૫ની કલમ–૩(૨)(૫–અ),૩(૧)(ડબલ્યુ)(૧) મુજબના ગુન્હાની ફરીયાદ નોંધેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામનાં ફરીયાદીને સંતાનમાં એક દિકરી ભોગ બનનાર,જન્મ તા.૧૪/૧૧/૨૦૦૬, ઉ.વ.૧૫ વર્ષ ૭ માસ છે તથા તેનાથી નાનો દિકરો,ઉ.વ.૧૩નો છે. તેમના પિતાજી બળોલ તા.લીંબડી ખાતે રહેતા હોય અને ભોગ બનનાર દિકરી ધોરણ–૧૦ માં આવેલ હોય જેથી તેમની ભોગ બનનાર દિકરી તથા દિકરાને તેમના પિતાજી પાસે બળોલ ગામે ભણવા માટે મુકેલ હતા. ભોગ બનનાર દિકરી ધોરણ–૧૦ની પરીક્ષા નજીક આવતી હોય જેથી બોર્ડની પરીક્ષા પહેલા બળોલથી તેમની પાસે ભાયલા ખાતે આવતી રહેલ અને ભાયલાથી લીંબડી પરીક્ષા આપવા માટે અપ–ડાઉન કરતી હતી. ગઇ તા.૦૩/૦૭/૨૦૨૨ ના રાત્રીના આઠેક વાગ્યે ફરીયાદી, તેમના પત્નિ તથા ભોગ બનનાર દિકરી એમ બધા વાળુપાણી કરવા બેઠા હતા, તે વખતે તેમના નાના ભાઇ કે જેઓ મુન્દ્રા ખાતે રહેતા હોય તેઓનો ફોન આવેલ અને તેમને જણાવેલ કે,તેઓના મોબાઇલમાં ફેસબુક આઇ–ડી ખોલતા તેમાં ભોગ બનનારની આઇડી ની રીક્વેસ્ટ આવતા તેમણે રીક્વેસ્ટ કન્ફર્મ કરતા અને ફેસબુક આઇડી ખોલતા તેમા ભોગ બનનારના બિભત્સ ફોટા દેખાય છે. આવુ ફેસબુક આઇડી ભોગ બનનારે બનાવેલ છે કે કેમ તેમ કહેતા ફરીયાદીએ ભોગ બનનારને આ બાબતે પુછતા ભોગ બનનારે તેમને કહેલ કે, મે કોઇ આવુ ફેસબુક આઇડી બનાવેલ નથી કે કોઇ ફોટા તેમાં અપલોડ કરેલ નથી. તેમ કહેલ જેથી તેમણે તેમના ભાઇને જણાવેલ કે, કેવા ફોટા આવેલ છે મને મોકલો, તેમ કહેતા તેમના ભાઇએ તેમના વોટસઅપમાં ફોટા મોકલેલ અને ત્યારબાદ તેમણે તેમના ફેસબુક એકાઉન્ટમાં ભોગ બનનારનું નામ સર્ચ કરતા આવેલ નહી તે દરમ્યાન ભોગ બનનાર રડવા લાગેલ જેથી ભોગ બનનારને નહી રડવા જણાવેલ, સાચી વાત કરવા માટે કહેતા તેમની દિકરી ભોગ બનનાર રડતા રડતા કહેવા લાગેલ કે, તે બળોલ ખાતે રહેતી હતી ત્યારે ગઇ ઉત્તરાયણના

પાંચેક દિવસ પછી બપોરના ત્રણેક વાગ્યે તેણી તથા તેણીની ફ્રેન્ડ કે જેની પાસે એક્ટીવા છે તે શીખવા માટે ખરાવાડમાં ગયેલ અને તેણીની ફ્રેન્ડ એક્ટીવા શીખતી હતી અને તેણીથી થોડે દુર હતી તે વખતે તેણી પાસે આરોપી રોહીત ધનજીભાઇ રાઠોડ(ત.કોળી) તેનુ મોટર સાયકલ લઇ આવેલ અને તેણીને કહેલ કે,મોટર સાયકલમાં બેસી જા. તેણીએ મોટર સાયકલમાં બેસવાની ના પાડતા તેણીને કહેલ કે મોટર સાયકલમાં નહી બેસ તો તારા ભાઇ તથા દાદાને મારી નાખીશ તેમ ધમકી આપતા તેણી બીકની મારી મોટર સાયકલમાં બેસી ગયેલ. ત્યારબાદ તેણે મોટર સાયકલ હડાળાના રોડે જવા દિધેલ અને ગામથી થોડે આગળ જતા રોડની ડાબી બાજુ ખેતરોમાં મોટર સાયકલ જવા દિધેલ અને બે ત્રણ ખેતર અંદર જતા તેણે મોટર સાયકલ ઉભુ રાખેલ અને તેણીને કહેલ કે મોટર સાયકલમાંથી નીચે ઉતર તો તેણીએ ના પાડતા જબરજસ્તીથી તેણીને નીચે ઉતારેલ અને તેણીને જકડી નીચે જમીન ઉપર સુવડાવી દિધેલ અને તેણીના કપડા તેણીની પાસે ના છુટકે કઢાવી નાખેલ અને તેના મોબાઇલ માં તેણીના બિભત્સ ફોટા પાડવા લાગેલ અને તેણીએ ના પાડવા છતા તેણીના ફોટા તે પાડતો હતો. ત્યારબાદ તેણીને નીચે સુવડાવી તેણી સાથે એક વાર દુષ્કર્મ (બળાત્કાર) કરી પાછા તેના મોટર સાયકલ માં બેસાડી તેના ગલ્લા સુધી તેણીને લઇ ગયેલ અને રસ્તામાં કહેલ કે, જો તુ આ બાબતે કોઇને કહીશ તો તારા ભાઇને હું મારી નાખીશ. તેવી ધમકી આપતા તેણીએ ફરીયાદીને કે દાદાને આ બાબતે વાત કરેલ ન હતી. ત્યારબાદ એકાદ માસ પછી બપોરના બે વાગ્યાના આસપાસ તેણી કપડા ધોવા તળાવે જતી હતી ત્યારે આ રોહીત ધનજીભાઇ રાઠોડ (ત.કોળી) તેણીની પાછળ પાછળ તેનુ મોટર સાયકલ લઇને આવેલ અને તેણીને ઉભી રાખી કહેલ કે, મારા મોટર સાયકલમાં બેસી જા નહી તો તારા ભાઈ તથા દાદાને મારી નાખીશ,તેમ ધમકી આપતા તેણી બીકની મારી તેના મોટર સાયકલમાં બેસી ગયેલ. ત્યારબાદ તેણે મોટર સાયકલ ગામના સીમમા જે અગાઉ લઇ ગયેલ હતો તે ખેતરમા જ લઇ ગયેલ અને જબરદસ્તી કરી તેણીની સાથે ફરીવાર શરીર સબંધ બાધેલ જેથી તેણી રડવા લાગેલ જેથી આ રોહીતે તેણીને કહેલ કે, રડીશ નહિ નહીતર તને પણ મારી નાખવી પડશે તેમ ધમકી આપેલ અને ત્યારબાદ તેણીને પાછો ગામમાં મુકી ગયેલ અને રોહિત

આ રીતે અવાર નવાર તેણીને મોટર સાયકલમા બેસાડી તેણીની સાથે તેણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ આપતો હોય, તે વાત કરવી હોય પરંતુ રોહીતે તેણીને પરીવારના તમામ સભ્યોને મારી નાખવાની ધમકી આપેલ હોય જેથી તેણીએ કોઇને પણ આ બાબતે વાત કરેલ ન હતી,તેમ વાત ફરીયાદીને તેમની ભોગ બનનાર દિકરીએ રડતા રડતા કરેલ ત્યારબાદ બીજા દિવસે આ રોહીતનો તેના મોબાઇલમાથી ફરીયાદીના ફોનમાં ફોન આવતા ફરીયાદીના પત્નિએ ફોન ઉપાડેલ અને રોહીતને કહેલ કે,તે મારી ભોગ બનનાર દિકરીની ફેસબુકમાં આઇડી બનાવી તેના બિભત્સ ફોટા કેમ વાયરલ કરેલ છે ? તેમ જણાવતા આ રોહિતે કહેલ કે, તમારી દિકરી મારી સાથે આવવાની ના પાડતી હોય જેથી તેને બદનામ કરવા સારૂ મે જ ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં તમારી દિકરીના ફોટા અપલોડ કરેલ છે અને આ ખોટા ફેસબુક એકાઉન્ટની રિકવેસ્ટ તમારા પરીવારના બધા સભ્યોને મોકલેલ છે. જેથી આ બાબતે તેઓએ તેમના કુટુંબના માણસોને વાત કરતા ફરીયાદ કરવાનું નક્કી કરી ફરીયાદી,તેમના પત્નિ તથા ભોગ બનનાર દિકરી તથા તેમના કુટુંબી ભાઇ પાણશીણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા આવેલ. ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે કે,આ ફરીયાદ મોડી કરવાનું કારણ એ છે કે તેમના કુટુંબના માણસોએ ફરીયાદ કરવાનુ નક્કી કરતા ફરીયાદ કરવા આવેલ. તેમની ભોગ બનનાર દિકરીના જન્મ તારીખના દાખલાની નકલ તથા સ્કુલ લીવીગ સર્ટીની નકલ તથા જાતિના દાખલાની નકલ રજુ કરેલ. આમ,આ રોહીત ધનજીભાઈ રાઠોડ (ત.કોળી)એ છ–એક મહીના અગાઉ ફરીયાદીની ભોગ બનનાર દિકરી,ઉ.વ.૧૫ વર્ષ ૭ માસ વાળી સગીર વયની હોવા છતા અને તેઓ અનુજાતિ સમાજના હોવાનું જાણતો હોવા છતા તેઓને તથા પરીવારના સભ્યોને મારી નાખવાની ધમકી આપી તેમના કાયદેસરના વાલીપણામાંથી બદકામ કરવાના ઈરાદે લઈ જઈ ભોગ બનનાર દિકરી સાથે અવાર નવાર દુષ્કર્મ (બળાત્કાર) કરી તેમજ ભોગ બનનાર દિકરીને હજુ પણ તેની સાથે શરીર સંબંધ બાંધવા ફોન કરી બોલાવતો હોય અને ભોગ બનનાર દિકરી નહિ જતા તેઓને બદનામ કરવાના ઈરાદે રોહિતે ભોગ બનનાર દિકરીના નામનુ ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમા તેમની ભોગ બનનાર દિકરીના બિભત્સ ફોટા અપલોડ કરી જાહેર કરી વાયરલ કરેલ હોય તો તેની

સામે ધોરણસર થવા ફરીયાદ આપેલ.

(૪) આ બનાવ અંગે ફરીયાદીએ ફરીયાદ નોંધાવતા, આરોપી સામે પાણશીણા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૦૨૨૦૧૦૫/૨૨થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૭૬(૨)(જે),૩૭૬(૨)(એન),૫૦૬(૨),જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ કલમ–૩(એ),૪,૧૮,ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ–૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ–૨૦૧૫ની કલમ–૩(૨)(૫–અ),૩(૧)(ડબલ્યુ)(૧) મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ અને સદરહું ગુન્હાની તપાસમાં, તપાસ કરનાર અધિકારી દ્બારા લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી તપાસના અંતે આ કામના આરોપી સામેના આક્ષેપીત ગુન્હા સબબના પુરતા પુરાવા જણાતા તેઓએ અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ જે સ્પેશ્યલ કેસ નં.૭૦/૨૦૨૨ થી નોંધાયેલ અને ઉપરોકત મુજબના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આરોપી વિરૂદ્ધ અત્રેની અદાલત સમક્ષ હાથ ધરવામાં આવેલ.

(૫) આ કામના આરોપી જામીન મુકત હોય તેમના વિ.વ.શ્રી સાથે હાજર થતા તેઓની સામેના કેસના તમામ કાગળો મળી ગયાની ખાતરી કરવામાં આવેલ છે અને મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીનાઓ દ્બારા આંક–૦૩થી આરોપી વિરૂદ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૦૪થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓની સામેના તહોમતનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને તેઓની સામે આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવા જણાવતા તેઓ સામે આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે જેમાં ફરીયાદપક્ષે ઉપર મુજબના પુરાવા રજુ કરેલ છે.

**કલોઝીંગ પુરશીશ અને આરોપીઓનુ વિશેષ નિવેદન ::–**

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વધુ પુરાવો આપવા ન માંગતા હોવા

અંગે આંક–૭૦થી કલોઝીંગ પુરશીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની–૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાના વિરૂદ્ધ રજુ થયેલ પુરાવાની હકીકતો કબૂલ રાખેલી નથી અને બચાવમાં સાહેદ તપાસવા માંગતા ન હોવાનું અને જાતે સોંગદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં તેઓ નિર્દોષ છે તેમજ તેઓની સામે આક્ષેપિત ગુન્હો કરેલ નથી તેવું જણાવેલ છે.

**દલીલો :–**

**(૭)** આ કામે ફરીયાદ પક્ષ તરફેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી વાય.જે.યાજ્ઞિક તેમજ આરોપી તરફેથી વિદ્વાન વકીલશ્રી એન.વી.શુકલનાઓ તરફેથી કરવામાં આવેલ મૌખીક દલીલ ધ્યાને લેવામાં આવેલ છે.

**(૮)** આ કામે સરકાર તરફેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી વાય.જે.યાજ્ઞિકે તેમની મૌખીક દલીલો કરતા મુખત્વે જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે તમામ મહત્વપુર્ણ સાહેદોનો પુરાવો રજુ રાખેલ છે અને હાલના આરોપી સામેના આક્ષેપોને તેવા પુરાવાથી સમર્થન મળે છે તેમજ ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવા પરથી હાલના તહોમતદારે ફરીયાદીની સગીર વયની દિકરીને ભગાડી લઇ જઇ, દુષ્કર્મ કરી તથા ખોટુ ફેસબુક આઇડી બનાવી તેણીના બિભત્સ ફોટા વાયરલ કરેલાનું પુરવાર થયેલ છે. આ કામે ભોગબનનારનો જન્મનો દાખલો રજુ થયેલ છે તેમજ ભોગ બનનારની જાતિનો દાખલો રજુ છે જેથી,આ કામના ભોગબનનાર બનાવ સમયે સગીર હોવાની તથા અનુસુચિત જાતિના સભ્ય હોવાની હકીકત ફરિયાદ પક્ષે પુરવાર થાય છે. આ કામનાં ડોકટર તથા પોલીસ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થન મળે છે તેમજ મેડીકલ ઓફીસર્સ તથા આ કામની તપાસ કરનાર પોલીસ અમલદારનો પુરાવો નહી માનવા માટે કોઇ કારણ નથી જે ધ્યાને લેતાં ફરીયાદ અનુસાર આરોપીએ હાલનો ગુનો કરેલ હોય કાયદા મુજબ તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

(૯) જયારે આ કામે આરોપી તરફેથી વિદ્વાન વકીલશ્રીએ દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામે ભોગ બનનારની જુબાની તથા તેમના પિતા કે જે ફરીયાદી છે તેમની તથા ભોગ બનનારની માતાની તથા તેમના કુટુંબીજનોની તથા સ્વતંત્ર સાહેદોની જુબાની ધ્યાને લેતાં, આરોપી સામે આક્ષેપિત ગુન્હો ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકતો નથી. ફરીયાદી,ભોગ બનનાર તથા સાહેદોની ઉલટ તપાસ ધ્યાને લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, તબીબી પેપર્સ તથા મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેતાં ભોગ બનનારનાં શરીર ઉપર કોઇ ઈજાઓ જણાઇ આવેલ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદી તથા તમામ સાહેદોના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તે મતલબનો સબળ પુરાવો રજુ થયેલ ન હોઇ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**મુદ્દાઓ :-**

(૧૦) આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલા રેકર્ડ પરના સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરતા આ અદાલતના વિચાર-વિમર્શ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ::-**

**મુદ્દા નંબર-૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, ફરીયાદવાળા બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની બાળા હતી ?

**મુદ્દા નંબર-૨** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એવુ પુરવાર કરે છે કે, આ બનાવના ભોગબનનાર ફરીયાદી અનુસુચિત જાતિ કે જનજાતિ વર્ગના છે?

**મુદ્દા નંબર-3** શું ફરીયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આ કામનાં ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની અને અનુ.જાતિના હોવાનું જાણવા છતાં, મોટર સાયકલ લઇ આવી, તેણીના

પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી, તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી બદકામ કરવાના ઈરાદે, મોટર સાયકલમાં બેસાડી, બળોલ ગામની સીમમાં લઈ જઈ અવાર નવાર તેણીની સહમતી વગર બળાત્કાર (સંભોગ) કરી,ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(જે)(એન) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

**મુદા નંબર–૪** શું ફરીયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આ કામનાં ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનું જાણવા છતાં,તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર (સંભોગ) કરી બાળકોને જાતીય સતામણીનાં ગુન્હાઓ સામે રક્ષણ આપતો કાયદો–૨૦૧૨ની કલમ : ૩(એ),૪,૧૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

**મુદા નંબર–૫** શું ફરીયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ આ કામનાં ફરીયાદીની ભોગ બનનાર દિકરી સગીર વયની હોવાનું જાણવા છતાં,ભોગ બનનનારનાં બિભત્સ ફોટા પાડી લઈ, અવાર નવાર શરીર સંબંધ બાંધવાનું જણાવતા હોય, ભોગ બનનારે આરોપીના કહેવા મુજબના સ્થળે જવાની ના પાડતા,આરોપીએ સગીર ભોગ બનનારનું ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં સગીર ભોગ બનનારના ફોટા અપલોડ કરી, જાહેરમાં પ્રદર્શીત કરી, વાયરલ કરી, આઇ.ટી.એકટ,૨૦૦૮ની કલમ–૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) મુજબ

નો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

**મુદા નંબર–૬** શું ફરીયાદપક્ષ એવું નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ સગીર ભોગ બનનાર અનુ.જાતિના હોવાનું જાણવા છતાં ઉપરોકત ગુન્હો આચરી, અનુસુચિત જાતી અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, ૨૦૧૫નીકલમ–૩(૨)(૫–અ),૩(૧)(ડબલ્યુ)(આઇ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

**મુદ્દા નંબર–૭** શું હુકમ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

| | | |
|---|---|---|
| મુદ્દા નંબર –૧ | – | હકારમાં, |
| મુદ્દા નંબર –૨ | – | હકારમાં, |
| મુદ્દા નંબર –૩ | – | નકારમાં, |
| મુદ્દા નંબર –૪ | – | નકારમાં, |
| મુદ્દા નંબર –૫ | – | નકારમાં, |
| મુદ્દા નંબર –૬ | – | નકારમાં, |
| મુદ્દા નંબર –૭ | – | આખરી હુકમ મુજબ. |

**(૧૨)** ઉપરોકત નિર્ણયો પરત્વેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

**(૧૩)** ફરીયાદ પક્ષે આ કામે આંક–૩૫થી બળોલ ગ્રામ પંચાયતમાં ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવતા સાહેદ જીતાબેન અમૃતભાઇ ગોહીલને તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓએ

જણાવેલ છે કે,તા.૨૦/૫/૨૫થી તલાટી કમ મંત્રી,બળોલ તરીકે ફરજ બજાવે છે. તા.૧૪/૭/૨૨નાં રોજ ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઇ કરી આપવા આંક–૩૬ વાળી યાદી આપેલ. તેમની અગાઉના ફરજ બજાવતા ત.ક.મંત્રીએ ભોગ બનનારનુ જન્મ રજીસ્ટરમાં ખરાઇ કર્યા બાદ પત્ર આપેલ જે તેઓની કચેરીનાં જન્મ રજીસ્ટરમાં, ભોગ બનનારનું નામ, જન્મ તા.૧૪/૧૧/૨૦૦૬, નોંધણી તા.૧૭/૧૧/૨૦૦૬, અનુક્રમ નં.૪૮, ભોગ બનનારનાં પિતાનુ નામ, નોંધણી કરનારનું નામ, જન્મ સ્થળ લખાયેલ છે. આ કામે આંક–૧૪થી રજુ ફરીયાદ જોવામાં આવે તો તેમાં પણ ફરીયાદીએ તેમની દિકરીનું નામ "ભોગ બનનાર"નું લખાવેલ છે તેમજ જન્મ તારીખ ૧૪/૧૧/૨૦૦૬ની દર્શાવેલ છે. આમ, ભોગ બનનારની જન્મ તારીખ બાબતે ઉપલબ્ધ પુરાવો ધ્યાને લેતાં બનાવ તા.૧૭/૦૧/૨૦૨૨નાં બપોરનાં ત્રણ વાગ્યાનો છે તથા ભોગ બનનારની જન્મ તારીખ ૧૪/૧૧/૨૦૦૬ છે તેથી, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૦૨ માસ અને ૦૩ દિવસ હોવાનું ફલિત થાય છે તથા ફરીયાદ વાળો બનાવ ભોગ બનનારની સગીર વયની ઉંમર દરમ્યાન જ બનેલ હોવાનું ફલિત થાય છે. ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ–૨(૧)(ડી) માં "બાળક " શબ્દને વ્યાખ્યીત કરેલ જે મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યકિતને "ચાઇલ્ડ " કે "બાળક " કહેવાય. આમ, બનાવના દિવસે ભોગ બનનાર "બાળક " હોવાનું સાબિત થાય છે. જેથી, મારો મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં આપુ છુ.

**<u>મુદ્દા નં.૨ :–</u>**

**(૧૪)** ફરીયાદ પક્ષે આ કામે આંક–૩૮થી તાલુકા પંચાયતમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા સાહેદ જયદીપસીહ ઘનશ્યામસીંહ ઝાલાને તપાસવામાં આવેલા છે.તેઓની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તાલુકા પંચાયતમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે આશરે ત્રણેક વર્ષથી ફરજ બજાવે છે જે ફરજ દરમ્યાન તેમને અનુજાતિ જનજાતિના જાતિ અંગેના પ્રમાણપત્રો નોંધવાના તથા આપવાના હોય છે. સદરહુ સાહેદની જુબાનીમાં આંક–૩૯થી નાબય પોલીસ અધિક્ષકશ્રીની કચેરી,લીંબડીનો મામલતદારશ્રી,સેવા સદન,

લીંબડીને સદર જાતિના પ્રમાણપત્રની ખરાઇ કરી જાણ કરવા અંગેનો પત્ર રજુ છે. વધુમાં,આંક-૧૨થી ભોગ બનનારની જાતિ અંગેનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. સદર રજુ પ્રમાણપત્ર વંચાણે લેતા તેમાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ થયેલાનું અને ભોગ બનનારની જાતિનું પ્રમાણપત્ર જોતા ફરીયાદી ગુજરાત રાજયનાં અનુસુચિત જાતિ પૈકી "હિન્દુ વણકર" જાતિના હોવાનો ઉલ્લેખ થયેલ છે.આમ,આંક-૧૨ના પ્રમાણપત્રથી ફરીયાદપક્ષએ હકીકત રેકર્ડ પર પુરવાર કરવામાં સફળ રહેલ છે કે,ભોગ બનનાર ગુજરાત રાજયનાં અનુસુચિત જાતિ પૈકી હિન્દુ વણકર જાતિના છે જેથી, મુદ્દા નંબર -૨ નો નિર્ણય તે રીતે હકારમાં આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં.૩ થી ૬:-</u>**

**(૧૫)** આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૭૬(૨)(જે),૩૭૬(૨)(એન),૫૦૬(૨),જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૩(એ),૪,૧૮,ધી ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ-૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ-૨૦૧૫ની કલમ-૩(૨)(૫-અ),૩(૧)(ડબલ્યુ)(૧) અન્વયેનો હોઇ તેમજ તમામ ગુન્હાઓ અંગેનો પુરાવો એક જ છે. આ સંજોગોમાં પુરાવાનુ પુનરાવર્તન ટાળવા તથા સમય શકિતનો વ્યય થતો અટકાવવા તથા તમામ ગુના પરસ્પર એક બીજા સાથે સંકળાયેલા હોઇ તમામ ગુનાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૬)** આ કામે ફરીયાદીએ આ કામનાં આરોપીએ ભોગ બનનાર સગીર વયનાં અને અનુ.જાતિના હોવાનું જાણવા છતાં,તેણીના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી, બદકામ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ, તેણીની સહમતી વગર અવારનવાર બળાત્કાર (સંભોગ) કરી, ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં સગીર ભોગ બનનારનાં ફોટા અપલોડ કરી, જાહેરમાં પ્રદર્શીત કરી, વાયરલ કરી ગુન્હો કર્યાની ફરીયાદ નોંધાવેલી.

**(૧૭)** આ કામે ફરીયાદ પક્ષનાં મહત્વપુર્ણ એવા સાહેદ ભોગ બનનારને આંક–૦૭થી તપાસેલ છે. જેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ધોરણ દસની અંદર અભ્યાસ કરતા હોય ત્યારે ઉંમર જે તે વ્યકિત કે દીકરીની પંદરથી સોળ વર્ષની હોઈ શકે અને તે જ વ્યકિતની જન્મનુ વર્ષ ૨૦૦૬ કે ૨૦૦૭ હોઈ શકે જેથી તેણીનું જન્મનુ વર્ષ સને–૨૦૦૬નું હતુ પરંતુ તેણીને તેણીની જન્મ તારીખ તથા મહીનો હાલ યાદ નથી કારણ કે તેણી તેનો કોઈ જન્મદીવસ ઉજવતી નથી. ભોગ બનનારે જણાવેલ છે કે, તેણી જે વખતે દસમા ધોરણની તૈયારી વખતે બળોલ ગામે તેણીના ભાઈ સાથે રહેતી હતી તે વખતે તેણીના પપ્પા ઉપર કોઈપણ વ્યકિતનો ફોન આવેલો હોય તે હકીકત તેણીને ખબર નથી તથા તે ભોગ બનનાર વ્યકિતએ તેણીના પપ્પા સાથે તેણીના વીશે કોઈએ વાત કરેલી હોય અને તે હકીકત તેણીના પપ્પાએ તેણીને પુછેલ હોય અને તેણીએ તેમની સાથે કોઈ જ વાત કરેલી નથી. તેણીના કાકા કચ્છમાં રહે છે અને તેઓ મોબાઈલ વાપરે છે અને તેઓની પાસે એન્ડ્રોઈડ કે સાદો મોબાઈલ છે તે બાબતની તેણીને ખબર નથી તેમજ તેણીના કાકાએ તેણીના પપ્પાને આરોપીએ કોઈ ફેસબુક આઈડી બનાવીને તેમા તેણીના બીભત્સ ફોટા બનાવેલ હોય અને તે અપલોડ કરેલ હોય તેવી હકીકત પણ તેણીએ તેણીના પપ્પાને જણાવેલ નથી. પોલીસે તેણીનુ નીવેદન લીધેલ. ભોગ બનનારે મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧થી રજુ કપડા જોઈને જણાવેલ છે કે,તેણીએ કોઈની હાજરીમાં સદર કપડા રજુ કરેલ ન હોય જેથી ઓળખી શકે નહી. ભોગ બનનારે નામ.કોર્ટનાં રેકર્ડમાંથી તેણીનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન જોઈ વાંચી ને જણાવેલ છે કે, તેમાં તેણીની સહી છે પણ આ લખાણ તેણીએ લખાવેલ તે તેણીને હાલ યાદ નથી. સદર નિવેદન આંક–૦૮થી રજુ છે. ભોગ બનનારને નિશાની–૨/૧થી

રજુ ગુન્હાવાળી સ્થાનિક જગ્યાના પંચનામાની હકીકત વાંચી સંભળાવવામા આવતા બનાવવાળી જગ્યાએ તેણી તથા પોલીસ હાજર હોય અને તે વખતે તેણીએ કોઈ પોલીસને કે સાહેદોને બનાવવાળી જગ્યા બતાવેલ નથી તેમ જણાવેલ છે. ભોગ બનનારે જણાવેલ છે કે, તેણીને મેડીકલ તપાસણીમાં લીંબડી સરકારી હોસ્પીટલ તથા સુરેન્દ્રનગર ગાંધી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હતા અને તે વખતે તેણીની માતા પણ સાથે હતા અને તે વખતે બન્ને હોસ્પીટલમાં હાજર ડોકટર સાહેબનાઓએ તેણીને કોઈ જ હકીકત પુછેલ નહી કે તેણીએ કાઈ જ જણાવેલ નહી. ભોગ બનનારે આરોપી નામ.કોર્ટમાં હાજર હોવાનું તથા તેને ઓળખતા હોવાનું જણાવેલ છે અને આરોપીનો મોબાઈલ નંબર હાલ યાદ ન હોવાનું તથા તેણી દસમા ધોરણમાં અભ્યાસ કરતી હતી તે વખતે તેણીની પાસે એન્ડ્રોઈડ કંપનીનો મોબાઈલ હતો તે કંપની કઈ હતી તે તથા મોબાઈલ નો નંબર હાલ યાદ ન હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે સંયુકત આંક–૧૧થી રજુ બે ફેસબુક આઈડી ના ફોટા જોઈને જણાવેલ છે કે, તે બન્ને ફોટા તેણીના છે અને તે ફોટા નીચે તેણીનુ નામ તથા સરનેમ છે અને ૩ જુલાઈ સમય ૧.૪૧ તથા ફોટા નંબર ૫ની અંદર તેણીના ફોટાની ઉપર તેણીનું નામ તથા અપલોડ લખાયેલ છે. ભોગ બનનારે આંક–૧૨થી રજુ તેણીનું જાતીનુ પ્રમાણ પત્ર જોઈ જણાવેલ છે કે તે જાતિના પ્રમાણપત્રમા તેણીનું તથા તેણીના પપ્પાનુ નામ તેમજ તેણીની સરનેમ લખાયેલ છે તેમજ રહેવાસી બળોલ ગામ તથા પુત્ર–પુત્રીના કોલમમા પુત્રી તેમજ જાતીના કોલમમા અનુ. જાતિ લખાયેલ છે સદર દાખલો તાલુકા વીકાસ અધીકારી નાઓએ આપેલ છે. ભોગ બનનારે સદર હકીકતો ખરી હોવાનું જણાવેલ છે. ભોગ બનનારે નિશાની–૨/૧૨ વાળુ તેમનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર જોઈ તે તે જ હોવાનું જણાવેલ છે.

**(૧૮)** આ તબકકે ભોગ બનનાર તેમના પુરાવામા ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોય ફરીયાદ પક્ષે વિ.એડી.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે અને તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી.

**(૧૯)** ભોગ બનનારની આરોપીપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે,તેણીના પિતાએ ફરીયાદ આપી ત્યારે તેણીની ઉમર ૧૮ વર્ષ ઉપરની હતી. તેણીના પિતાએ તેણીના જન્મની નોંધણી જન્મના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી. તેણીના પિતાએ જન્મનોંધણી વખતે કઈ જન્મતારીખ લખાવેલી તેની તેણીને ખબર નથી. તેણીના પિતાએ તેણીની જન્મતારીખ આશરે લખાવેલી. તેણી કોઈ બનાવવાળી જગ્યાએ ગયેલી નથી અને તેણીએ કોઈ બનાવવાળી જગ્યા બતાવેલી નથી. તેણીએ લેડીઝ કોન્સ્ટેબલની હાજરીમાં કપડા આપેલ હોય તેવુ બનેલ નથી. ભોગ બનનારે સ્વીકારેલ છે કે,તેણી સરકારી દવાખાને લેડીઝ કોન્સ્ટેબલ સાથે ગયેલી.તેણીએ ડોકટર સાહેબને કોઈ હીસ્ટ્રી લખાવેલી નથી. કહેવાતા બનાવ વખતે તેણી કોઈ એન્ડ્રોઈડ ફોન વાપરતી ન હતી. તેણીને વઢ વાણ કોર્ટમાં નીવેદન માટે લઈ ગયેલા ત્યારે તેણીના મમ્મી પપ્પા તેણીની સાથે સાથે જ હતા. તે વખતે તેણીને પોલીસનુ દબાણ હતુ અને પોલીસે કહેલુ કે અમે કહીએ તેમ લખાવજે. ભોગ બનનારે આંક–૧૧ વાળા સંયુકત ફોટા જોઈને જણાવેલ છે કે, તેમા એક ફોટામા આંખો દેખાતી નથી જેથી કહી શકાય નહી કે આ ફોટા તેમના જ છે. તેમના નામની અન્ય વ્યકિતઓ પણ હોઈ શકે. પોલીસે ફકત તેણીનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાઈ પુછેલુ નહી. પોલીસે તેણીનું નીવેદન વંચાવેલ નથી. બળોલ ગામમા તેણીના દાદા વર્ષોથી રહે છે અને તેણીને બળોલ ગામમા વર્ષમાં એક બે વાર આવવાનુ થાય છે. આરોપી બળોલ ગામમા રહે છે જેથી

તેને ઓળખે છે. તેણીને તેણીના નામ સરનામા અટકની ખબર નથી.

**(૨૦)** આમ,ભોગ બનનારની સમગ્ર જુબાની જોઈએ તો તેમની જુબાનીમાંથી આંક–૧૪ની ફરીયાદ કે આંક–૦૮નાં તેણીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૬૪ના નિવેદનને સમર્થન પ્રાપ્ત થતુ નથી. ટુંકમાં, ભોગ બનનારની સમગ્ર જુબાની જોઈએ તો તેમાંથી કોઈ મહત્વની હકીકતો બહાર આવતી નથી કે ભોગ બનનાર સગીર વયના અને અનુ.જાતિના હોવાનું જાણવા છતાં આરોપીએ તેણીના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેણીની સહમતી વગ અવારનવાર બળાત્કાર સંભોગ કરી ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં સગીર ભોગ બનનારના ફોટો અપલોડ કરી જાહેરમાં પ્રદર્શીત કરી વાયરલ કરી ગુન્હો કરેલ હોય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી.

**(૨૧)** આ કામે આંક–૧૩થી ફરીયાદી/ભોગ બનનારના પિતાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમને એક દીકરો તથા એક દીકરી છે. તેમના દીકરાએ દસમા ધોરણની એકઝામ આ વર્ષે આપેલી છે અને તે હાલ પંદર વર્ષનો છે. તેમની ભોગ બનનાર દીકરી અગીયાર ધોરણ સુધી અભ્યાસ કરેલ છે. તેમનુ મુળ ગામ બળોલ છે અને હાલ ત્યા તેમના પિતાજી રહે છે અને તેમની ભોગ બનનાર દીકરીને દસમા ધોરણનુ પરીક્ષાનું કેન્દ્ર લીંબડી હતુ. તેમની ભોગ બનનાર દીકરીની હાલની ઉમર ૧૯ વર્ષની છે અને તેની જન્મતારીખ હાલ તેમને યાદ નથી અને તે તેમની ભોગ બનનાર દીકરી મોરૈયા ગામેથી લીંબડી એકઝામ દેવા માટે અવરજવર કરતી હતી. સદર બનાવ બાબત અંગે તેમની દીકરી સાથે તેમને કોઈ જ વાતચીત થયેલ નથી કે તેણીએ તેમને કોઈ જ વ્યકિતએ તેનુ ફેસબુક આઈ ડી ખોટુ બનાવી દઈને તેના નગ્ન ફોટા વાયરલ કરેલ હોય તેવી હકીકત પણ તેમને જણાવેલ નથી કે તેમના ભાઈએ તેમને, આરોપીએ ફેસબુક આઈડીની રીકવેસ્ટ મોકલેલ હોય અને તે તેમણે સ્વીકારેલી હોય

અને તેમાં તેમની ભોગ બનનાર દીકરીના નગ્ન ફોટા તેઓએ તેમના મોબાઈલમાં મોકલેલ હોય અને તેમણે તે ફોટા તેમની ભોગ બનનાર દીકરીને બતાવેલ હોય. ફરીયાદીએ નામ.કોર્ટના રેકર્ડમાંથી આંક–૧૪ વાળી અસલ ફરીયાદ જોઈ તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે તથા આરોપી નામ.કોર્ટમાં હાજર હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તથા આંક–૧૧ વાળા ફોટા જોઈ સદર ફોટામાં તેમની ભોગ બનનાર દીકરીનો ફેસ મળતો આવતો નહી હોવાથી તે ઓળખી શકે નહી તેમ જણાવેલ છે.

**(૨૨)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

**(૨૩)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે,બનાવ વખતે તેમની ભોગ બનનાર દીકરીની ઉંમર ૧૮ વર્ષની હતી. તેમના લગ્ન તેઓ સતર વર્ષના હતા ત્યારે થયેલા. તેઓ ૧૮ વર્ષના હતા અને તેમની ભોગ બનનાર દીકરીનો જન્મ થયેલો. તેમની ભોગ બનનાર દીકરીની જન્મની નોંધ તેના જન્મ થયાના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી છે. તેમની ભોગ બનનાર દીકરીની ઉંમર તેમણે આશરે લખાવેલી છે. હાલમાં તેમની ભોગ બનનાર દીકરીના લગ્ન થઈ ગયેલા છે. તેમની ભોગ બનનાર દીકરીએ કે તેમના ભાઈએ તેમની સાથે ફોન પર વાત કરેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ લખાવવા ગયા ત્યારે તેમના ગામના ઘણાબધા માણસો હાજર હતા. ગામના માણસોમાથી કોઈકે આરોપીનુ નામ આપેલુ. શકના આધારે તેમણે આરોપીનુ નામ લખાવેલુ. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી. પોલીસે લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા તેમણે તેમા સહી કરી આપેલી. તેમણે પોલીસને તેમની ભોગ બનનારની દીકરીનુ જન્મનુ પ્રમાણપત્ર કે જાતીનો દાખલો આપેલ નથી. આ કામના આરોપી બળોલ ગામે રહેતા હોય જેથી તેને નામથી ઓળખે છે.

**(૨૪)** આમ,ફરીયાદીની સમગ્ર જુબાની જોઈએ તો તેમની જુબાનીમાંથી આં ક–૧૪ની ફરીયાદને સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ આરોપીએ ફરીયાદમાં જણાવેલ આક્ષેપિત કૃત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીની જુબાનીમાંથી બહાર આવતી નથી.

**(૨૫)** આ કામે આંક–૧૫થી સાહેદ ભોગ બનનારની માતાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમને એક દીકરો તથા એક દીકરી છે અને તેમની દીકરી અગીયાર ધોરણ સુધી ભણેલી છે. સદર બનાવની ફરીયાદ કોણે શા કારણોસર કયા આરોપી સામે કરેલી તેની કોઈ હકીકત તેમને તેમના કુંટુબમાંથી કે અન્ય કોઈ વ્યકિત દવારા જાણવા મળેલી નથી. તેમની ભોગ બનનાર દીકરીની જન્મતારીખ કઈ છે તે તેમને યાદ નથી. તેમની ભોગ બનનાર દીકરી હાલ ૨૧ વર્ષની છે અને તેણીના લગ્ન છ માસ પહેલા ત્રાડીયા ગામે કરેલ છે અને તેણી હાલમા સાસરીમાં તેનુ જીવન વીતાવે છે. તેમના દીકરાએ દસમા ધોરણની એકઝામ આ વર્ષે આપેલી છે અને તે હાલ પંદર વર્ષનો છે. તેમની ભોગ બનનાર દીકરીએ અગીયાર ધોરણ સુધી અભ્યાસ કરેલ છે. તેમની ભોગ બનનાર દીકરીની હાલની ઉમર ૧૯ વર્ષની છે અને તેની જન્મતારીખ હાલ તેમને યાદ નથી.સદર બનાવ બાબત અંગે તેમની દીકરી સાથે તેમને કોઈ જ વાતચીત થયેલ નથી કે તેણીએ તેમને કોઈ જ વ્યકિતએ તેનુ ફેસબુક આઈડી ખોટુ બનાવી દઈને તેના નગ્ન ફોટા વાયરલ કરેલ હોય તેવી હકીકત પણ તેમને જણાવેલ નથી કે તેમના દીયરે તેમને આરોપીએ ફેસબુક આઈ. ડી ની રીકવેસ્ટ મોકલેલ હોય અને તે તેમણે સ્વીકારેલી હોય અને તેમાં તેમની ભોગ બનનાર દીકરી ના નગ્ન ફોટા તેઓએ તેમના પતિના મોબાઈલમાં મોકલેલ હોય અને તેમના પતિએ તે ફોટા તેમની ભોગ બનનાર દીકરીને બતાવેલ હોય. સાહેદે નામ.કોર્ટમાં હાજર આરોપીને ઓળખતા હોવાનું તથા પોલીસે નિવેદન લીધેલ હોવાનું જણાવેલ છે તથા જણાવેલ છે કે,તેમની દીકરીને જે જે જગ્યાએ હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હોય ત્યારે તેણી તેની સાથે ગયેલ નથી તેમજ પંચનામુ કરતી વખતે પણ તેણી હાજર હતી નહી તેમજ બનાવવાળા આર્ટીકલ નંબર ૧ કપડા તેણીએ કોઈ પોલીસ પાસે રજુ કરેલ નહી હોય

જેથી તેણી ઓળખી શકે નહી. સાહેદે આંક–૧૧ વાળા ફોટા જોઈને જણાવેલ છે કે,સદર ફોટા તેમની ભોગ બનનાર દીકરીનો ફેસ મળતો આવતો નહી હોવાથી તે ઓળખી શકે નહી.

(૨૬) ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

(૨૭) બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે,બનાવ વખતે તેમની ભોગ બનનાર દીકરીની ઉમર ૧૮ વર્ષની હતી.તેમના લગ્ન તે સોળ વર્ષના હતા ત્યારે થયેલા. તેઓ ૧૭ વર્ષના હતા અને તેમની ભોગ બનનાર દીકરીનો જન્મ થયેલો. તેમની ભોગ બનનાર દીકરીની જન્મની નોંધ તેના જન્મ થયાના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી છે. તેમની ભોગ બનનાર દીકરીની ઉમર તેમના પતિએ આશરે લખાવેલી છે. હાલમાં તેમની ભોગ બનનાર દીકરીના લગ્ન થઈ ગયેલા છે. તેમની ભોગ બનનાર દીકરીએ કે તેમના દીયર સાથે ફોન પર વાત કરેલ હોય તેવુ બનેલ નથી. તેમના પતિ ફરીયાદ લખાવવા ગયા ત્યારે તેમના ગામના ઘણાબધા માણસો હાજર હતા. ગામના માણસોમાથી કોઈકે આરોપીનુ નામ આપેલુ. શકના આધારે તેમના પતિએ આરોપીનુ નામ લખાવેલુ.પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી.પોલીસે લખેલા કાગળમા સહી કરવાનુ કહેતા તેમણે તેમા સહી કરી આપેલી. તેમના પતિએ પોલીસને તેમની ભોગ બનનારની દીકરીનુ જન્મનુ પ્રમાણપત્ર કે જાતીનો દાખલો આપેલ નથી.

(૨૮) આમ,સદર સાહેદ કે જે ભોગ બનનારની માતા છે તેમની સમગ્ર જુબાની જોઈએ તો તેમની જુબાનીમાંથી આંક–૧૪ની ફરીયાદને સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ આરોપીએ ફરીયાદમાં જણાવેલ આક્ષેપિત કૃત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત સદર સાહેદની જુબાનીમાંથી બહાર આવતી નથી.

(૨૯) ફરીયાદ પક્ષે આંક–૧૬થી ભોગ બનનારનાં દાદાને કોર્ટ રૂબરૂ સોગંદ

ઉપર તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમને ત્રણ દીકરા છે જેમા સૌથી મોટા ફરીયાદી છે. તેમને એક દિકરો તથા એક દીકરી(ભોગબનનાર) છે. તેમની ભોગબનનાર પૌત્રી દસમાની તેની પરીક્ષા હોય અને તેનુ કેન્દ્ર લીંબડી મુકામે હોય જેથી પરીક્ષા માટે ભાયલા ગામે રહેલા હોય પરંતુ તેમની પૌત્રીની પરીક્ષાની સગવડ ખાતર તે તથા તેનો ભાઈ બંને જણા તેમના પાસે બળોલ ખાતે આવેલ હતા તે તેમની ભોગબનનાર પૌત્રી મોરૈયા ગામેથી લીંબડી એકઝામ દેવા માટે અવરજવર કરતી હતી.સદર બનાવ બાબત અંગે તેમની પૌત્રી સાથે તેમને કોઈ જ વાતચીત થયેલ નથી કે તેમના બીજા દિકરા એ તેમને કોઈ જ વ્યકિતએ તેનુ ફેસબુક આઈ ડી ખોટુ બનાવી દઈને તેના નગ્ન ફોટા વાયરલ કરેલ હોય તેવી હકીકત પણ તેમને જણાવેલ નથી કે તેમના બીજા દિકરા એ તેઓને આરોપીએ ફેસબુક આઈ.ડી.ની રીકવેસ્ટ મોકલેલ હોય અને તે તેમણે સ્વીકારેલી હોય અને તેમાં તેમની ભોગબનનાર પૌત્રીના નગ્ન ફોટા તેઓએ તેમના દિકરાના મોબાઈલમાં મોકલેલ હોય અને તે ફોટા તેમની ભોગબનનાર પૌત્રીને બતાવેલ હોય. સાહેદે આરોપી નામ.કોર્ટમાં હાજર હોવાનું જણાવી તેને ઓળખતા હોવાનું જણાવેલ છે. સાહેદે જણાવેલ છે કે,એવું બનેલ નથી કે, આરોપી તેમની પૌત્રી સગીર વયની હોવાનુ જાણતો હતો અને તેણી અનુ.જાતિની હોવાનુ જાણતો હોવા છતા ભોગબનનાર પૌત્રીને અવારનવાર તેના પરીવારને મારી નાખવાની ધમકી આપેલ અને ત્યારબાદ તેમના કાયદેસરના વાલીપણામાથી લઈ જઈને તેણીની સાથે અવારનવાર બળાત્કાર કરેલ અને તેણીનુ ખોટુ આઈ.ડી. બનાવીને તે વાઈરલ કરવાની ધમકી પણ આપતો હોય.

(૩૦) ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

(૩૧) બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે,બનાવ

વખતે તેમની ભોગ બનનાર પૌત્રીની ઉમર ૧૮ વર્ષની હતી. તેમની ભોગ બનનાર પૌત્રીની જન્મની નોંધ તેના જન્મ થયા ના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી છે. હાલમાં તેમની ભોગબનનાર પૌત્રીના લગ્ન થઈ ગયેલા છે. તેમની ભોગબનનાર પૌત્રીએ કે તેમના દિકરાએ તેમની સાથે ફોન પર વાત કરેલ હોય તેવુ બનેલ નથી. શકના આધારે તેમના દિકરાએ આરોપીનુ નામ લખાવેલુ. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી. આ કામના આરોપી બળોલ ગામે રહેતા હોય જેથી તેને નામથી ઓળખે છે.

**(૩૨)** ફરીયાદ પક્ષે આંક–૧૬થી ભોગ બનનારનાં કાકાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમનાથી મોટાભાઈ આ કામનાં ફરીયાદી છે. તેમને એક દિકરો તથા એક દીકરી (ભોગબનનાર) છે. તેમની ભોગબનનાર ભત્રીજી મોરૈયા ગામેથી લીંબડી એકઝામ દેવા માટે અવરજવર કરતી હતી તેમજ તેમણે તેમના મોબાઈલમાં ભોગબનનારની ફેસબુક આઈ.ડી. જોયેલ હતી અને તેમા તેણીના નગ્ન ફોટા જોયેલ જેથી તેમણે તુરત જ તેમના ભાઈ ફરીયાદીને તે આઈ.ડી. બાબતે પુછેલ નથી કે તેઓએ તેમને એવુ પણ જણાવેલ નથી કે, તે હકીકતે તેમનો તેમના ભાઈ પર ફોન આવેલ. તેમણે તેમના મોબાઈલમાં તેમની કુટુંબી ભત્રીજીની કોઈ ફેસબુક આઈ.ડી. જોયેલ નથી કે ઓપન કરીને તેમા તેણીના નગ્ન ફોટા પણ જોયેલ નથી કે તેણીએ તેમના કુટુંબને બનાવની કોઈ હકીકત જણાવેલ નથી. તેઓ ઘણા સમયથી ગામમાં રહેતા નહા હોવાથી આરોપીને ઓળખતા નથી. સાહેદ જણાવે છે કે,એવું બનેલ નથી કે, આરોપી તેમની ભત્રીજી સગીર વયની હોવાનુ જાણતો હતો અને તેણી અનુ.જાતિની હોવાનુ જાણતો હોવા છતા ભોગબનનાર તેમની ભત્રીજીને અવારનવાર તેના પરીવારને મારી નાખવાની ધમકી આપેલ અને ત્યારબાદ તેણીના દાદાના કાયદેસરના વાલીપણામાથી લઈ જઈને તેણીની સાથે અવારનવાર બળાત્કાર કરેલ અને તેણીનુ ખોટુ આઈ.ડી. બનાવીને તે વાઈરલ કરવાની ધમકી પણ આપતો હોય.

**(૩૩)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી

વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

(૩૪) બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે,બનાવ વખતે તેમની ભોગ બનનાર ભત્રીજીની ઉમર ૧૮ વર્ષની હતી. તેમની ભોગ બનનાર ભત્રીજીની જન્મની નોંધ તેના જન્મ થયાના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી છે. હાલમાં તેમની ભોગબનનાર ભત્રીજીના લગ્ન થઈ ગયેલા છે. તેમની ભોગબનનાર ભત્રીજીએ કે તેમના ભાઇએ તેમની સાથે ફોન પર વાત કરેલ હોય તેવુ બનેલ નથી. શકના આધારે તેમના ભાઈએ આરોપીનુ નામ લખાવેલુ.પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી.

(૩૫) ફરીયાદ પક્ષે આંક–૧૮થી ભોગ બનનારનાં બીજા કાકાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની સરતપાસમાં જણાવેલ છે કે,તેમનાથી મોટાભાઈ આ કામનાં ફરીયાદી છે. તેમને એક દિકરો તથા એક દીકરી (ભોગબનનાર) છે. તેમની ભોગબનનાર ભત્રીજી મોરૈયા ગામેથી લીંબડી એકઝામ દેવા માટે અવરજવર કરતી હતી તેમજ તેમણે તેમના મોબાઈલમાં ભોગબનનારની ફેસબુક આઈ.ડી. જોયેલ હતી અને તેમા તેણીના નગ્ન ફોટા જોયેલ જેથી તેમણે તુરત જ તેમના ભાઈ ફરીયાદીને તે આઈ.ડી. બાબતે પુછેલ નથી કે તેઓએ તેમને એવુ પણ જણાવેલ નથી કે, તે હકીકતે તેમનો તેમના ભાઈ પર ફોન આવેલ. તેમણે તેમના મોબાઈલમાં તેમની કુટુંબી ભત્રીજીની કોઈ ફેસબુક આઈ.ડી. જોયેલ નથી કે ઓપન કરીને તેમા તેણીના નગ્ન ફોટા પણ જોયેલ નથી કે તેણીએ તેમના કુટુંબને બનાવની કોઈ હકીકત જણાવેલ નથી. તેઓ ઘણા સમયથી ગામમાં રહેતા નહી હોવાથી આરોપીને ઓળખતા નથી. સાહેદ જણાવે છે કે,એવું બનેલ નથી કે, આરોપી તેમની ભત્રીજી સગીર વયની હોવાનુ જાણતો હતો અને તેણી અનુ.જાતિની હોવાનુ જાણતો હોવા છતા ભોગબનનાર તેમની ભત્રીજીને અવારનવાર તેના પરીવારને મારી નાખવાની ધમકી આપેલ અને ત્યારબાદ

તેણીના દાદાના કાયદેસરના વાલીપણામાથી લઈ જઈને તેણીની સાથે અવારનવાર બળાત્કાર કરેલ અને તેણીનુ ખોટુ આઈ.ડી. બનાવીને તે વાઈરલ કરવાની ધમકી પણ આપતો હોય.

**(૩૬)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

**(૩૭)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે,બનાવ વખતે તેમની ભોગ બનનાર ભત્રીજીની ઉમર ૧૮ વર્ષની હતી. તેમની ભોગ બનનાર ભત્રીજીની જન્મની નોંધ તેના જન્મ થયાના બે ત્રણ વર્ષ બાદ કરાવેલી છે. હાલમાં તેમની ભોગબનનાર ભત્રીજીના લગ્ન થઈ ગયેલા છે. તેમની ભોગબનનાર ભત્રીજીએ કે તેમના ભાઈએ તેમની સાથે ફોન પર વાત કરેલ હોય તેવુ બનેલ નથી. શકના આધારે તેમના ભાઈએ આરોપીનુ નામ લખાવેલુ.પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી.

**સ્વતંત્ર સાહેદોનો પુરાવો :–**

**(૩૮)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ તરીકે સાહેદ શીવજીભાઈ જીવણભાઈ રાઠોડને આંક–૧૯થી તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,તેમની સીમ જમીન બળોલ ખાતે આવેલી છે. તેમના ખેતરોને સાખીયો, ત્રાસડો,કડકી તથા વેણ નામથી ઓળખાય છે.તેમના ત્રાસડા ખેતરની બાજુ માં લાખાભાઈ,શાંતીભાઈ માવુભાઈ તથા શામજીભાઈના ખેતરો આવેલ છે. તેમના ખેતરે જયારે કામ હોય ત્યારે તેઓ જાય છે.ત્રાસડા નામના ખેતરે આરોપીએ ભોગબનનાર સાથે બદકામ કરેલ હોલ તેવો કોઈ બનાવ બનેલ હોય તેની તેમને ખબર નથી. આરોપી તેમનો કુટુંબી હોય તેને ઓળખે છે.સાહેદે જણાવેલ છે કે,એવું બનેલ નથી કે, આરોપીએ તેમના ખેતરમાં ભોગબનનાર સાથે અવારનવાર મળીને શરીર સંબંધ બાંધેલ અને આરોપીએ ભોગબનનાર અનુ.જાતિ

તેમજ સગીરવયની જાણતો હોવા છતા તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હોય.

**(૩૯)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

**(૪૦)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ. તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી.

**(૪૧)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ તરીકે સાહેદ પ્રીતીબેન લાલજીભાઈ મકવાણા ને આંક–૨૦થી તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,તેમને સાયકલ તથા ટુ વ્હીલર બંને વાહનો ચલાવતા આવડે છે. તેમની બહેન અને તેઓ ટુ વ્હીલર ચલાવવાનુ શીખવા જાતે જતા હતા અને આ સીવાય તેમની કોઈ બહેનપણીને તેમણે તેમનુ મોટર સાયકલ શીખવાડેલ નથી કે તેણીની સાથે કોઈ બનાવ બનેલ હોય તેવુ પણ તેમને કોઈએ જણાવેલ નથી કે તેમની હાજરીમા કોઈ બનાવ બનેલ નથી. પોલીસે તેમનુ નિવેદન લીધેલ. આરોપી તેમના ગામના છે જેથી ઓળખે છે. સાહેદે જણાવેલ છે કે,એવુ બનેલ નથી કે તેઓ ભોગ બનનારને તેમના ગામની સીમમા મોટર સાયકલ ઘણી વખત શીખવા લઈ ગયેલ હોય તે વખતે ભોગ બનનારની એકલતાનો લાભ લઈને આરોપીએ તેની સાથે સંભોગ કરેલ હોય.

**(૪૨)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

**(૪૩)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ. તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી.

**(૪૪)** ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ તરીકે સાહેદ નીતાબેન લાલજીભાઈ મકવાણા

ને આંક–૨૧થી તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,તેમની બંને દીકરીઓને સાયકલ તથા ટુ વ્હીલર બંને વાહનો ચલાવતા આવડે છે અને આ સીવાય તેમની દીકરીએ તેણીની કોઈ બહેનપણીને મો.સા. શીખવાડેલ નથી કે ભોગ બનનાર સાથે કોઈ બનાવ બનેલ હોય તેવુ પણ તેમને કોઈએ જણાવેલ નથી કે પોલીસે તેમનુ નિવેદન લીધેલ. આરોપી તેમના ગામના છે જેથી ઓળખે છે. સાહેદે જણાવેલ છે કે,એવુ બનેલ નથી કે તેમની દીકરી પ્રીતી ભોગ બનનારને તેમના ગામની સીમમા મો.સા. ઘણી વખત શીખવા લઈ ગયેલ હોય તે વખતે ભોગ બનનારની એકલતા નો લાભ લઈને આરોપી એ તેની સાથે સંભોગ કરેલ હોય.

**(૪૫)** ફરીયાદ પક્ષે સાહેદને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા તે આપવામાં આવેલ અને સુચક પ્રશ્નો પુછવામાં આવેલ તેમ છતાં ફરીયાદ હકીકતોનો તથા આરોપી વિરૂધ્ધનાં અપરાધની હકિકતોનો સંપુર્ણપણે ઈન્કાર કરેલ છે.

**(૪૬)** બચાવ પક્ષની ઉલટ તપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ. તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી. બનાવની તેમને કોઈ જાત માહિતી નથી.

**તબીબી પુરાવો :–**

**(૪૭)** ફરીયાદ પક્ષે આંક–૨૨થી ભોગ બનનાર તથા આરોપીની શારીરીક તપાસણી કરનાર મેડી.ઓફી.ડો.સુનીલ પ્રવીણભાઈ ભંડેરીને આંક–૨૨થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમા જણાવેલ છે કે, લીંબડી આર.આર.હોસ્પિ.મા મેડીકલ ઓફીસર તરીકે તા.૨૨/૬/૨૨ થી તા. ૧/૯/૨૩ સુધી ફરજ બજાવતા હતા તે ફરજ દરમ્યાન તા.૯/૭/૨૨ના રોજ લીંબડી ના.પો.અધિ.સી.પી.મુંધવાએ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરીને જરુરી સેમ્પલો લેવા માટે આંક–૨૩ વાળો પત્ર લખેલ. તે જ તારીખના બપોરના ચાર વાગ્યે પોલીસ યાદી સાથે ભાગ્યશ્રીબેન મેટાળીયા બ.ક.નં.૦૧૦૦૯ પાણશીણા

પો.સ્ટેશન દવારા ભોગ બનનાર ઉ.વર્ષ ૧૫ વાળાને મેડીકલ તપાસણી માટે લાવેલ હતા. ભોગ બનનારનાઓની મેડીકલ તપાસણી તથા તેના જરુરી સેમ્પલો લેવા માટે તેણીની તથા તેણીના માતાની ઓપીડી કેસ પેપરમા સંમતી લેવામા આવેલ તેમા તેમની રુબરુ બંનેએ સહી કરેલ. ભોગ બનનારના શરીરે ઓળખ ચિહ્ન તરીકે માથા ઉપર તથા ડાબી બાજુના હાથે જુનો રુજાયેલ ઘા સમય સ્થળ તથા વ્યકિતથી ભોગ બનનાર પરીચીત હતી તેમજ તેણીની હાઈટ ૫.૫ ઈંચ, વજન ૪૫ કીગ્રા, ભોગ બનનારે તેણીના શરીરે પીળા કલરની કુર્તી તેમજ કાળા કલરથી લેગીઝ અને તેના ઉપર વાઈટ કલરની ડીજાઈન વાળો દુપટ્ટો તથા આંતર વસ્ત્રો પણ પહેરેલ હતા જેના કલર બ્રાઉન થતા ચલો હતા. તેણીની ઉમર પ્રમાણે અંગો તથા શરીર વિકસિત હતુ. તેના ગુપ્ત ભાગ ઉપર બાહ્ય કોઈ ઈજાના નિશાન ન હતા.તેણીનુ માસિક સ્ત્રાવ અંદાજે ૧૩ વર્ષની ઉમરે શરુ થયેલ અને ચાર દીવસનો માસીક સ્ત્રાવ નો સમય હતો અને છેલ્લે તેને માસીક ૧૦/૬/૨૨ના આવેલ હતુ અને તેને માસીક આવાનો સમયગાળો ૨૮ થી ૩૦ દીવસનો હતો. ભોગ બનનાર અપરણીત હતી. તેણીનો યુપીટી ટેસ્ટ નેગેટીવ તથા બ્લડ ટેસ્ટ એ પોઝેટીવ ગૃપ આવેલુ. ભોગ બનનારે તેમની રુબરુ હીસ્ટ્રીમા જણાવેલ કે,''જાન્યુઆરી માસમા ઉતરાણના બીજા ત્રીજા દીવસે રાઠોડ રોહીત ધનજીભાઈ મને ચીડવતો અને મારા નાના ભાઈને ગલ્લામા પુરીને મારી નાખવાની ધમકી આપીને મને બાઈક પર બેસાડી હડાળાના રોડ ઉપર ખેતર પર વરચડીના જાડ પાસે લઈ જઈ જબરજસ્તી કરીને ગળે ચાકુ રાખી દબાણ કરી પેન્ટ અને અન્ડરવીઅર ઉતારી ફોટા પાડેલ પછી હાથ લુંગીથી બાંધી થોડે દુર જઈ પાછા આવીને જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલ. આ દરમ્યાન નીરોધનો ઉપયોગ કરેલ હતો. ત્યારબાદ નીચેના ભાગમા લોહી નીકળતા તે સાફ કરીને મને ઘરે મુકી ગયેલ. પછી એકાદ કલાક બાદ મારો ભાઈ ઘરે પાછો આવેલ. બળોલ ગામે હુ મારા દાદા અને ભાઈ સાથે રહેતી અને ભણવાનુ અને ઘરનુ કામ કરતી પછી અવાર નવાર ઈસારા કરી પીછો કરતો મહીના બાદ એકલી કપડા ધોવા જતી હતી ત્યારે વચ્ચે રોકીને કપડા સાઈડમા રખાવ્યા અને જુના ફોટા વાયરલ કરવાની ધમકી આપી મને ગાડી ઉપર બેસાડી અડાળા રોડ ઉપર લઈ ગયો

અને બળજબરી કરીને શરીરસંબંધ બાંધેલ આ વખતે નીરોધનો ઉપયોગ કરેલ ન હતો અવાર નવાર ધમકી આપે કે તારા પપ્પા ભાઈને અને તને મારી નાખીશ ફેબ્રુઆરીમા રીસીપ્ટ મળી પછી મમ્મી સાથે ભાઈલા જતી રહી ત્યારબાદ પપ્પાના ફોનમા સતત ફોન આવતા એક વાર ફોન ઉપાડીને પપ્પાએ ધમકાવ્યો પછી ફોન કરવાનો બંધ કરી દીધો. તા.૩/૭/૨૨ ના મારી ફેક આઈડી ફેશબુક ઉપર બનાવી મારા ફોટા વાયરલ કરેલા તે દીવસે રાત્રે બે વાગ્યે કેરાલા જીઆઈડીસી એ ફરીયાદ લખાવી પણ તે હાજર નતો થતો પછી મમ્મીએ ફોન કરીને પુછેલુ કે આ આઈડી તે બનાવ્યુ છે ? તો તે કહેલ મે જ બનાવ્યુ છે. પછી અમો જીઆઈડીસી પો.સ્ટે.થી જવાબ ન મળતા પાણશીણા આવ્યા.'' મેડી.ઓફી.જણાવે છે કે,તે દીવસે સવારે ૯ વાગ્યે સ્નાન કરેલુ હતુ પેશાબ અને સંડાસ પણ કરેલ. બંને સ્તન વિકસિત હતા. લોહી અથવા વીર્યનો કોઈ પણ ચીહનો તેણીના શરીર પર જોવા મળેલ નહી.તેણીની આંતરિક તપાસ માટે હાયર સેન્ટરમા રીફર કરવામા આવેલ. ભોગ બનનારના એફ.એસ.એલ. પૃથ્થકરણ અર્થે (૧) લોહી,(૨) લાળ,(૩) નખ, (૪) પ્યુબીક હેર,(૫) વજાઈનલ સ્વોબના સેમ્પલો લીધેલા.ભોગ બનનારનું મેડી.સર્ટીફીકેટ આંક-૨૪થી, ભોગ બનનારના લીધેલા સેમ્પલો અંગે ના.પો.અધિ.લીંબડીનાઓને લખેલ પત્ર તથા શીલના નમુનાનો પત્ર આંક-૨૫થી,ભોગ બનનારનુ ફેરબદલી ફોર્મ તથા ઓપીડી કેસ પેપર સંયુકત આંક-૨૬થી રજુ છે તેમજ તા.૧૧/૭/૨૨ના રોજ લીંબડીના ના.પો.અધિ.સી.પી.મુંધવાએ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરીને જરુરી સેમ્પલો લેવા માટે લખેલ પત્ર આંક-૨૭થી રજુ છે.

(૪૮) મેડી.ઓફી.જણાવે છે કે,ત્યારબાદ દર્દી આરોપી રોહીતભાઈ ધનજીભાઈ ઉ.વ.૨૫ સાંજના ૬:૧૫ કલાકે તેમની પાસે પાણશીણા પો.સ્ટે.ના ક્રીપાલસિંહ જાલા બ.નં.૫૮૨ વાળા લઈ આવેલ.સદર આરોપીએ તેના ઓપીડી કેસ પેપરમા તેની મેડીકલ તપાસણી કરવા માટે સંમતી આપેલ અને જે તેઓએ ઓપીડી કેસ પેપરમા તેઓએ ઈંગલીશ તથા ગુજરાતીમા સહી કરી આપેલ. આરોપીના શરીરે ઓળખ ચીહનમા ગળા ઉપર તલનુ નિશાન તથા કમર તથા પાછળના ભાગે તલનુ નીશાન હતુ. તે શારીરીક તંદુરસ્ત જણાયેલ શરીરના ભાગે કોઈ તાજી

તથા જુની ઈજાઓ જોવામા આવેલ નહી. તેના ગુપ્ત ભાગે કોઈ ઈજાઓ જોવામા આવેલ નહી.તેનુ બ્લડ ગૃપ એ પોઝેટીવ હતુ. આરોપીએ તેમની રુબરુ હીસ્ટ્રીમા જણાવેલ કે,''એક વર્ષ પહેલા હુ અને ભોગ બનનાર એમના ઘરે બળોલ મળેલા ત્યા અમે વાતચીત કરી ભેટયા અને કીસ સીમ્પલ કરી. બાદમા વારંવાર મળતા રહેતા અને વાતો કરતા વાતો રુબરુ અથવા મોબાઈલમા (તેના દાદાના મોબાઈલમા) કરતો અને એની પહેલા હુ એની મમ્મી સાથે રીલેશનમા હતો મળવા માટે એની મમ્મી જોડે સાથે આવતી. સાત આઠ મહીના પહેલા એમના ઘરે બપોરના ૧૨ વાગ્યા આસપાસ પહેલી વખત આ છોકરી સાથે સંબંધ બાંધ્યો. તે કોન્ડમ પહેર્યા વગર છ મહીના પહેલા શીયાણી વાળા રોડે ખેતરમા સંબંધ બાંધેલ સાથે તેની મમ્મી પોતે લઈને આવતી હતી. આ વખતે પણ કોન્ડમનો ઉપયોગ કરેલ ન હતો.'' સાહેદ જણાવે છે કે,આરોપીના,(૧) લોહી,(૨) નખ,(૩) સલાઈવા,(૪) પ્યુબીક હેર,(૫) સીમેનના તેમણે સેમ્પલો લીધેલા.આરોપીનુ સારવાર સર્ટી. તેમના હસ્તાક્ષરમા લખેલ છે ત્યારબાદ તેમા લીંબડી આરઆરઆર હોસ્પી.નો શીલ તથા મેડીકલ ઓફીસર તરીકે તેમની સહી છે જે આંક –૨૮થી રજુ છે.તા.૧૧/૭/૨૨ ના આરોપીના લીધેલા સેમ્પલો ના.પો.અધિ.,લીંબડીનાઓને શીલ તથા શીલના નમુનાનો પત્ર જેમા લીંબડી આરઆરઆર હોસ્પી.નો શીલ તથા મેડીકલ ઓફીસર તરીકે તેમની સહી છે જે આંક –૨૯થી,આરોપીના ઓપીડી કેસ પેપર આંક–૩૦થી રજુ છે. સાહેદે મુદામાલ આર્ટી નં. ૧ તથા ૨ વાળા કપડા જોઈ જણાવેલ છે કે,ભોગ બનનારે તેમણે મેડીકલ તપાસણી કરેલ તે વખતે તેણીએ પહેરેલ હતા તે જ કપડા છે તેમજ મુદામાલ આર્ટી.૩ તથા ૪ આરોપીની મેડીકલ તપાસણી કરેલ તે વખતે તેણે પહેરેલ હતા તે જ કપડા છે.

(૪૯) બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં મેડી.ઓફીસરશ્રીએ સ્વીકારેલ છે કે, તેમની પાસે ભોગ બનનારને પોલીસ યાદી સાથે લેડીસ કોન્સ.લાવેલા. યાદીમા ભોગ બનનારનુ તથા બનાવનુ વિવરણ લખેલુ હોય છે.ભોગ બનનારની ઉમર માટેનો તેમણે કવોલીફીકેશન ટેસ્ટ કરેલ નથી. ભોગ બનનારની બાહય તપાસમા શરીરે કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો જોયેલ નહી. આરોપીને પણ પોલીસ યાદી

સાથે તેમની પાસે લાવેલા.આ યાદીમા પણ વિગત લખેલી હતી. આરોપીને પણ શારીરીક તપાસણી કરતા શરીરના ભાગે કોઈ ઈજાના નિશાનો જણાયેલ નહી.

**(૫૦)** ફરીયાદ પક્ષે આંક–૩૧ થી ભોગ બનનારની શારીરીક તપાસણી કરનાર ગાયનેકોલોજીસ્ટ ડો.કોમલ વિનુભાઈ ઘાટલીયાને આંક–૩૧થી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમા જણાવેલ છે કે,તેઓ સને ૨૦૨૨મા મહાત્મા મેડીકલ હોસ્પિ.સુ.નગર ગાયનેક મેડીકલ ઓફી.તરીકે ફરજ બજાવતા હતા. તા.૯/૭/૨૨ ના રોજ લીંબડીના ના.પો. અધિ.સી.પી.મુંધવાએ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરીને જરુરીસેમ્પલો લેવા માટે તેમની હોસ્પિ.ના મેડી.ઓફીસરને પત્ર લખેલ જે આંક–૩૨થી રજુ છે. તા.૦૯/૦૭/૨૦૨૨ના રોજ સવારના ૧૦:૪૫ પીએમ એ તેમને ભોગબનનારની મેડીકલ તપાસ માટે ગાયનેક રેફરન્સ મળેલ જે તેણીને પો.કોન્સ.ભાગ્યશ્રીબેન ગંગા રામભાઈ,બ.નં.૦૧૦૦ વાળા લઈને આવેલ. ભોગબનનારે તેમની રુબરુ હીસ્ટ્રી લખાવેલ જે મુજબ, ''ભોગબનનાર ૧૧માં ધોરણમા શ્રી દેવાનંદ સ્વામી વિદ્યાલયમા ભણતા હતા અને ૧૦મા ધોરણની પરીક્ષા આપેલ હતી અને જે તે દરમ્યાન તેઓ આરોપી સાથે પહેલી વખત પાનમસાલાની દુકાને બળોલ ગામે મળેલ. ભોગ બનનારને આરોપી દવારા ધમકી આપેલ જે તેના પિતા તથા ભાઈને મારી નાખવાની ધમકી આપેલ. તેથી ભોગ બનનાર હડાળા ખેતરમા આરોપી સાથે જબરદસ્તીથી બળજબરીપુર્વક ગયા. આશરે ઉતરાયણ,૨૦૨૨ના બપોરના બે વાગે ભોગ બનનારે આરોપી સાથે શારીરીક સંબંધ બાંધેલો અને ભોગ બનનારને ત્યારબાદ ઘરે મોકલી દીધેલ. ત્યારબાદ એક મહીના પછી સદર બીજી વખત પણ ઉપરોકત જણાવ્યા મુજબનો બનાવ બનેલો જેમા પણ તેણીને એવી ધમકી આપેલ. તા.૩/૭/૨૨ ના રોજ આરોપીએ ભોગ બનનારના અશ્લીલ ફોટો ફેશબુકમા ખોટા આઈડી દવારા અપલોડ કર્યા આ બધી બાબત ભોગ બનનારે તેના પિતા અને ભાઈને જણાવેલ ત્યારબાદ ભોગ બનનારના પિતા એ કેસ નોંધાવેલો અને તેણીની સાથે આરોપીએ બે વખત શારીરીક સંબંધ બાંધેલો. છેલ્લી વખત શારીરીક સંબંધ ફેબ્રુઆરી,૨૦૨૨ ના બપોરના બંધાયેલો હતો.તેણીની પ્રાથમિક

તપાસ લીંબડી આર.આર. હોસ્પિ. તા.૯/૭/૨૨ ના રોજ કરેલ હતી અને ત્યાર બાદ વધુ ગાયનેક તપાસણી માટે તેમની હોસ્પિ.તરફ મોકલી આપેલ. ભોગબનનારની મેનસ્ટ્રુઅલ હીસ્ટ્રીમાં એલ.એમ.પી. ૧૦/૬/૨૨ હતી.ભોગ બનનારની તેઓએ શારીરીક તપાસ કરેલી. જેમાં શરીર પર કયાય પણ કોઈ ઈજા, જેવા કે બચકુ ભર્યાના કે ઉઝરડાના નિશાનો ન હતા. તેણીના શરીર પર બહારથી જોઈ શકાય તે રીતે કોઈપણ જગ્યાએ કોઈ ઈજાના નિશાનો ન હતા. ભોગબનનારની ગાયનેક તપાસ કરતી વખતે તેણીના ૧–સ્વોબ(પેરીનીયમ એન્ટીરીયર ફોરનીકસ–પોસ્ટરીયર ફોરનીકસ–રાઈટ લેટરલ–લેફટ લેટરલ ફોરનીકસ – સરવીકસ),૨– સર્વાઈકલ અને ૩– યુરેથ્રલ સ્વોબ લીધા હતા. એબડોમીન એકઝામીનેશન–સોફટ અને નો એની સ્કાર.લોકલ એકઝામીનેશન–પેરીનીયમ પર કોઈ ઈન્જરીના કે બ્લીડીંગના નીશાન ન હતા. યોનીપટલ ઈનટેક ન હતો.લીબીયા મેજોરા અને માઈનોરા નોર્મલ હતા.ઈન્વેસ્ટીગેશન–યુરીન પ્રેગ્નેનેન્સી ટેસ્ટ નેગેટીવ હતો. મેડી.ઓફી.જણાવે છે કે,સદર હીસ્ટ્રી તથા મેડીકલ તપાસ પછી તેમનુ મંતવ્ય છે કે, બાહય શરીર પર ઈજાના કોઈ નિશાન નથી. લોકલ એકઝામીનેશમા પણ તાજી ઈજાના કોઈ નિશાન નથી. ફાઈનલ ઓપીનીયન આ કામે લેવામા આવેલ ઉપરોકત નમુનાઓનુ પરીણામ એફ.એસ.એલ.માથી જાણ્યા બાદ જણાવી શકાય. ભોગબનનારની ગાયનેક મેડીકલ તપાસ કરીને તેમના હસ્તાક્ષરમા મેડીકલ સર્ટી.તૈયાર કરેલ જે સર્ટી. તેમના હસ્તાક્ષરમા છે તથા તેમની હોસ્પિ. નો સીકકો છે તથા ગાયનેક ડોકટર તરીકે તેમની સહી છે જે આંક–૩૩થી રજુ છે. ભોગબનનારની ગાયનેક મેડીકલ તપાસ કર્યા બાદ તેણીના જરુરી સેમ્પલો જે એફએસએલમા પૃથ્થકરણ કરાવ માટે તેઓએ લીધેલ જે પત્રમા લીધેલ સેમ્પલો જણાવેલ છે અને તેમા તેમની હોસ્પિ.નો શીલનો નમુનો છે તથા તેમની હોસ્પિ.નો સીકકો છે તથા ગાયનેક ડોકટર તરીકે તેમની સહી છે જે આંક–૩૪થી રજુ છે.સદર સેમ્પલો તેઓએ લીધેલ તે પાણશીણાના પો.કો.ભાગ્યશ્રીબેન ગંગારામ ભાઈ બ.નં.૦૧૦૦ વાળા નાઓને સોપી આપેલ.સદર ભોગ બનનારની તેની ગાયનેક તપાસણી તેમની રુબરુ કરાવવા માટે તેના પપ્પાનાઓએ સંમતી તેમના

રુબરુ આપેલી અને જે તે સંમતી આપતા તેઓએ તેમના રુબરુ ડાબા હાથનુ નિશાનકરી આપેલ.

**(૫૧)** બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં મેડી.ઓફીસરશ્રીએ સ્વીકારેલ છે કે, તેમની પાસે ભોગ બનનારને પોલીસ યાદી સાથે લેડીસ કોન્સ.લાવેલા.યાદીમા ભોગ બનનારનુ તથા બનાવનુ વિવરણ લખેલુ હોય છે. ભોગ બનનારની ઉમર માટેનો તેમણે કવોલીફીકેશન ટેસ્ટ કરેલ નથી. ભોગ બનનારની બાહય તપાસમા શરીરે કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાનો જોયેલ નહી. ભોગ બનનારની તપાસ દરમ્યાન ભોગ બનનાર પર કોઈ જાતીય હુમલો થયો હોય એવુ નકકી થઈ શકેલ નહી.

**(૫૨)** ફરીયાદ પક્ષે આંક–પરથી સાયન્ટીફીક ઓફીસર દીશાબેન ભાવીનભાઈ ચાંગેલા કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમા જણાવેલ છે કે,ગઈ તા.૧૪/૭/૨૨ના રોજ તેઓ મદદનીશ નીયામક તરીકે બાયોલોજી વિભાગ એફ.એસ.એલ.રાજકોટમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન સદર ગુન્હા સંબંધે ૦૭ પાર્સલો તે જ તારીખના રોજ મળેલ જે કેસ નં.રફસલ/ઈઈ/ ૨૦૨૨/બી/૦૦૮૪૫ તરીકે સ્વીકારેલ હતા. સદરહુ કેસમાં ૦૭ શીલબંધ પાર્સલો હતા જેમાં ૨ સફેદ કપડાના જેને માર્ક ૧ તથા ૨ આપવામા આવેલ તથા ૨ બોકસ જેને માર્ક ૩,૭ આપવામા આવેલ તથા ૩ પ્લાસ્ટિકને ટેસ્ટ ટયુબ જેને માર્ક ૪,૫ અને ૬ આપવામા આવેલ જે અંગે તેમની કચેરી તરફથી ઉપરોકત નંબરથી તા.૧૪/૭/૨૨ ના રોજ પહોંચ આપવામા આવેલ જે પહોંચમા તેમની સહી છે જે આંક–૫૩થી રજુ છે. ઉપરોકત મળેલ મુદામાલ રવાનગી નોંધ મુજબ શીલબંધ હાલતમા હતા અને તેનુ તેઓએ બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ કરેલ જેમાં, પાર્સલ નંબર ૧–નમુનો–૧/૧(ટોપ)–,સફેદ કલરનુ અડધી બાયનુ ટોપ(ટીશર્ટ),જે મેલા જેવુ હતુ અને તેમા રૂધીર,લાળ,વાળ કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી, પાર્સલ નંબર ૧ –નમુનો–૧/૨(પેન્ટ)–આછા કાળા કલરનુ જીન્સનુ પેન્ટ,જે મેલા જેવુ હતુ અને તેમા રૂધીર,લાળ,વાળ કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી, પાર્સલ નંબર ૨–નમુનો–૨/૧(શર્ટ)–કોફી ક્રીમ કલરની ડીઝાઈન વાળો આખી બાયનો શર્ટ,જે મેલા જેવુ હતુ અને તેમા રૂધીર,લાળ,વાળ કે વીર્યની હાજરી મળી શકેલ ન

હતી, પાર્સલ નંબર ૨–નમુનો–૨/૨(પેન્ટ)–કોફી કલરનુ પેન્ટ,જે મેલા જેવુ હતુ અને તેમા રૂધીર,લાળ,વાળ કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ ૩ મા કુલ ૬ શીલબંધ નમુના હતા.પાર્સલ ૩,૪,૫,૬ ને રવાનગી નોંધમા ભોગ બનનારના મેડીકલ નમુના તરીકે દર્શાવેલ હતા અને સદરહુ નમુના પરીક્ષણ દરમ્યાન વપરાઈ ગયેલ હતા.પાર્સલ નંબર ૩–નમુનો–૩/૧(બ્લડ સેમ્પલ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા રતાશ પડતુ ભુખરુ પ્રવાહી હતુ, સદરહુ પ્રવાહી રુધિર તરીકે ઓળખાયેલ હતુ, જે રુધિરનુ મુળ માનવ અને જુથ એ (બ ) હતુ.પાર્સલ નંબર ૩–નમુનો– ૩/૨(બ્લડ સેમ્પલ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા રતાશ પડતુ ભુખરુ પ્રવાહી હતુ, સદરહુ પ્રવાહી રુધિર તરીકે ઓળખાયેલ હતુ, જે રુધિરનુ મુળ માનવ અને જુથ એ (બ ) હતુ. પાર્સલ નંબર ૩–નમુનો–૩/૩(સલાઈવા સેમ્પલ)–કાચની ફીયાલમા થોડુ આછુ સફેદ પડતુ પ્રવાહી હતુ જે લાળતરીકે ઓળખાયેલ હતુ, જે જુથ એ (બ ) હતુ. પાર્સલ નંબર ૩–નમુનો–૩/૪(વજાઈનલ સ્વોબ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા સળી પર સ્વોબ હતો જેના પર થોડા આછા ભુખરા ડાઘ હતા, જેમા રુધિરની હાજરી મળેલ હતી,વીર્યની હાજરી મળી શકેલ ન હતી. સદર રુધિર મુળ માનવ અને જુથ એ (બ ) હતુ.પાર્સલ નંબર ૩–નમુનો–૩/૫(પ્યુબક હેર)–કાચની ફીયાલમા થોડા વાળ હતા જે ડાઘ રહીત હતા, જેમા રુધિર કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ નંબર ૩–નમુનો–૩/૬(નખ)–જેના પર મેલ હતો, રુધિરની હાજરી મળી શકેલ ન હતી.પાર્સલ નંબર ૪–નમુનો–૪(વજાઈનલ સ્વોબ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા સળી પર સ્વોબ હતો જેના પર થોડા આછા ભુખરા ડાઘ હતા,જેમા રુધિરની હાજરી મળેલ હતી,વીર્યની હાજરી મળી શકેલ ન હતી, જે રુધિરનુ મુળ માનવ અને જુથ એ (બ ) હતુ.પાર્સલ નંબર ૫–નમુનો–૫(યુરેથલ સ્વોબ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા સળી પર સ્વોબ હતો જેના પર થોડા આછા ભુખરા ડાઘ હતા,જેમા રુધિરની હાજરી મળેલ હતી,વીર્યની હાજરી મળી શકેલ ન હતી, જે રુધિરનુ મુળ માનવ અને જુથ એ (બ ) હતુ. પાર્સલ નંબર ૬–નમુનો–૬(સર્વાઈકલ સ્વોબ)–પ્લાસ્ટિકની ટેસ્ટ ટયુબમા સળી પર સ્વોબ હતો જેના પર થોડા આછા ભુખરા ડાઘ હતા,જેમા રુધિરની હાજરી મળેલ હતી,વીર્યની હાજરી મળી શકેલ ન હતી, જે રુધિરનુ

મુળ માનવ અને જુથ એ (બ ) હતુ.પાર્સલ ૭ મા કુલ ૫ શીલબંધ નમુના હતા જેને રવાનગી નોંધમા આરોપી રોહીતભાઈ ધનજીભાઈ રાઠોડના મેડીકલ નમુના તરીકે દર્શાવેલ સદર નમુના પરીક્ષણ દરમ્યાન વપરાય ગયેલ હતા. પાર્સલ નંબર ૭–નમુનો–૭/૧(બ્લડ સેમ્પલ)–કાચની ફીયાલમા રતાશ પડતુ ભુખરુ પ્રવાહી હતુ, સદરહુ પ્રવાહી રુધિર તરીકે ઓળખાયેલ હતુ, જે રુધિરનુ મુળ માનવ અને જુથ એ (બ ) હતુ.પાર્સલ નંબર ૭–નમુનો–૭/૨(સલાઈવા સેમ્પલ)–કાચની ફીયાલમા થોડુ આછુ સફેદ પડતુ પ્રવાહી હતુ જે લાળ તરીકે ઓળખાયેલ હતુ, જે જુથ એ (બ ) હતુ. પાર્સલ નંબર ૭–નમુનો–૭/૩(સીમેન સેમ્પલ)–કાચની ફીયાલમા થોડુ આછુ પીળાશ પડતુ પ્રવાહી હતુ, જે પ્રવાહી માનવ વીર્ય તરીકે ઓળખાયેલ હતુ. જેનુ જુથ એ (બ ) હતુ. પાર્સલ નંબર ૭–નમુનો–૭/૪(પ્યુબક હેર)–કાચની ફીયાલમા થોડા વાળ હતા જે ડાઘ રહીત હતા, જેમા રુધિર કે વીર્યની હાજરી મળી શકેલ ન હતી. પાર્સલ નંબર ૭–નમુનો–૭/૫(નખ)–જેના પર મેલ હતો, રુધિરની હાજરી મળી શકેલ ન હતી. મેડી.ઓફી.જણાવે છે કે,ઉપરોકત મુદામાલ આર્ટી.૭ નુ તેઓએ જાતે તેમની લેબમા બાયોલોજી તથા શીરોલોજી બાયો કેમીકલ તથા માઈક્રોસ્કોપીક તથા શીરોલોજી પધ્ધતિ વડે પૃથકરણ કરેલ હતુ જે પૃથકરણનો અહેવાલ ના.પો.અધિ.શ્રી,એસસીએસટી સેલ,સુ.નગર નાઓ ને તા.૨૨/૭/૨૨ ના રોજ ફોરવડીંગ પત્ર સાથે પૃથકરણનો અહેવાલ મોકલાવેલ જે ફોરવડીંગ પત્ર આંક –૫૪થી રજુ છે. આંક–૫૫ તથા ૫૬થી રજુ બાયોલોજી તથા શીરોલોજી પૃથકરણનો અહેવાલ તેમણે જાતે તેમના ઓફીસના કમ્પયુટરમા ટાઈપ કરીને તૈયાર કરેલ તે વખતે કોમ્પયુટરમા કોઈ ડેટા કરપ્ટ થયેલ નહી કે કોઈ વાયરસ ન હતુ તેની ચોકકસ ખાતરી કર્યા બાદ તૈયાર કરેલ જે પૃથકરણના અહેવાલમા તેમની કચેરીનુ શીલ છે તથા મદદનીશ નિયામક તરીકે તેમની સહી છે જે શીલ તથા તેમની સહી અનુક્રમે આંક –૫૫ તથા ૫૬થી રજુ છે. સાહેદે મુદામાલ આર્ટી.૧ તથા ૨ જોઈને જણાવેલ છે કે, તે મુદામાલનુ તેમણે બાયોલોજી તથા શીરોલોજી પૃથકરણ કરીને અહેવાલ તૈયાર કરેલ તે તમામ મુદામાલ ઓળખી બતાવે છે.

(૫૩) બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં મેડી.ઓફીસરશ્રીએ સ્વીકારેલ

છે કે,તેમને આ કામે મળેલ નમુનાઓ મેસેન્જર મારફતે મળેલા છે.પૃથકરણના નમુનાઓ તેમની હાજરીમા લેવામા આવેલ નથી. એવો કોઈ ચોકકસ સમય નથી કે નમુનાઓ તેઓને ચોકકસ સમય મર્યાદામા મળવા જોઈએ.

(૫૪) આમ,ઉપરોકત મેડીકલ ઓફીસરશ્રીઓની જુબાની ધ્યાને લેતાં, તેઓ સમક્ષની હીસ્ટ્રીમાં આરોપી અને ભોગ બનનારે શારીરીક સંબંધ બાંધેલાની હકીકત લખાવેલી છે. પરંતુ, આગળ કરેલ ચર્ચા મુજબ ભોગ બનનારે તેમની આંક-૦૭ની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે,તેણીને મેડી.તપાસણીમાં લીંબડી સરકારી હોસ્પીટલ તથા સુરેન્દ્રનગર ગાંધી હોસ્પીટલ ખાતે લઈ ગયેલ હતા અને તે વખતે તેણીની માતા પણ સાથે હતા અને તે વખતે બન્ને હોસ્પીટલમાં હાજર ડોકટર સાહેબનાઓએ તેણીને કોઇ જ હકીકત પુછેલ નહી કે તેણીએ કાંઇ જણાવેલ નહી. વધુમાં,બચાવ પક્ષની ઉલટ તપાસમાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે,તેણી સરકારી દવાખાને લેડીઝ કોન્સ્ટેબલ સાથે ગયેલી. તેણીએ ડોકટર સાહેબને કોઇ હીસ્ટ્રી લખાવેલી નથી. આમ, મેડીકલ ઓફીસરશ્રીઓની જુબાની ધ્યાને લેતાં, મેડીકલ ઓફીસર રૂબરૂની હીસ્ટ્રી પુરવાર કરી છે પરંતુ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૦ મુજબ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ ભોગ બનનારે આપેલ હીસ્ટ્રી પુરાવામાં સ્વીકાર્ય નથી કારણ કે ફરીયાદ પક્ષ ફરીયાદ હકીકતોથી વિમુખ થઇ ગયેલ છે. વધુમાં, આરોપીએ મેડીકલ ઓફીસર સમક્ષ આપેલી હીસ્ટ્રી અંગે જોઇએ તો તે સમયે આરોપી પોલીસ કસ્ટડીમાં હોય આરોપીએ મેડીકલ ઓફીસર સમક્ષ કરેલી કબુલાત ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૨૬ અનુસાર પુરવાર થતી નથી.

**પંચ સાહેદોનો પુરાવો :-**

(૫૫) ફરીયાદ પક્ષે આંક-૪૧થી રજુ બનાવવાળી જગ્યાના પંચ સાહેદો પૈકી પંચ જયંતીભાઈ વાલાભાઈ સોલંકીને આંક-૪૦થી અને સહ પંચ અભુભાઈ ચતુર ભાઈ સોલંકીને આંક-૪૨થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે,આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓ તેમના ગામની પંચાયત ઓફીસે હતા તે સમયે લીંબડીના પોલીસ સાહેબે એક તૈયાર કાગળમા સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલ. કાગળ શુ બાબતનો હતો તે પોલીસે તેઓને જણાવેલ નહી અને તેઓએ તે અંગે કઈ પુછેલ નહી. સાહેદોએ જણાવેલ છે કે,એવુ બનેલ નથી કે,તા.૧૦/૭/૨૨ના રોજ બપોરના સમયે તેમને પોલીસે તેમના ગામના શીવજીભાઈ

જીવણભાઈ રાઠોડના ખેતરે બોલાવેલ હોય અને ત્યા આગળ ગુનાના કામની બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવા અંગે સમજ કરેલ અને ત્યા કોઈ મહીલા તથા સગીર બાળાની હાજરીમા તેઓએ બતાવેલ જગ્યાનુ પંચનામુ અમોએ લખાવેલ હોય. વધુમાં,ફરીયાદ પક્ષે આંક-૪૪થી રજુ આરોપીના અટક તથા મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ રામજીભાઈ ટપુભાઈ સારોલાને આંક -૪૫થી તથા સહ પંચ અજીતસીંહ કેશરીસીંહ ઝાલાને આંક-૪૩થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે,ત્રણ ચાર વર્ષ પહેલા તેમને લીંબડી પો.સ્ટેશન વાળાનાઓએ લીંબડી પો.સ્ટેશને બોલાવેલ જે તે વખતે પોલીસ વાળા હાજર હતા અને તેમને લખેલા કાગળની અંદર સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલ.સદર લખાણ તેમણે વાંચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી. આ પંચ સાહેદોએ મુદામાલ આર્ટી.નં.૨ થી ૩ આરોપીના કપડા તથા મોબાઈલ તથા બે સીમકાર્ડ જોઈ તેમની હાજરીમા આરોપીએ રજુ કરેલ ન હોય જેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. વધુમાં,ફરીયાદ પક્ષે આંક-૪૭થી રજુ ભોગ બનનારના કપડા કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ ચં દુભા લાખુભા ઝાલાને આંક-૪૬થી તથા સહ પંચ લાભુભાઈ મગનભાઈ રાઠોડને આં ક-૪૮થી તપાસવામાં આવેલા છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે,બે ત્રણ વર્ષ પહેલા તેમને પોલીસવાળાએ લીંબડી સેવા સદન પાસે પોલીસ સ્ટેશન પોલીસે લખેલા કાગળની અંદર સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલ.સદર લખાણ તેમણે વાંચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી. આ પંચ સાહેદોએ મુદામાલ આર્ટી.નં.૧ ભોગ બનનારના કપડા જોઈ તેમની હાજરીમો રજુ કરેલ ન હોય જેથી ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. વધુમાં,ફરીયાદ પક્ષે આંક-૨૦થી રજુ આરોપીના તથા ભોગ બનનારના સેમ્પલ કબ્જે કર્યાના પંચનામાનાં પંચ સાહેદો પૈકી પંચ મહાવીરસીંહ ગંભીરસીંહ ઝાલાને આંક -૪૯થી તથા સહ પંચ જેસંગભાઈ ગોરધનભાઈ પરમારને આંક-૫૧થી તપાસવામાં આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે,બે ત્રણ વર્ષ પહેલા તેમને પોલીસવાળાએ લીંબડી સેવા સદન પાસે પોલીસ સ્ટેશન પોલીસે લખેલા

કાગળની અંદર સહી કરવાનુ કહેતા તેમણે સહી કરી આપેલ.સદર લખાણ તેમણે વાંચેલ નહી કે તેમને વાંચી સંભળાવેલ નહી.

**(૫૬)** ઉપરોકત પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ફરી ગયેલા જાહેર કરવામા આવેલ અને તેઓને ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની વિ.એ.પી.પી.શ્રી ને પરવાનગી આપવામા આવેલ તેમ છતા ફરીયાદ પક્ષે રજુ થયેલ પંચનામાઓને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તે સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પંચનામાઓ ફરીયાદ પક્ષને મદદરૂપ બનતા નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો :–</u>**

**(૫૭)** ફરીયાદ પક્ષે આંક–૫૭થી તપાસ કરનાર અધિકારી ચેતનકુમાર પ્રભુભાઈ મુંધવાને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમણે પોતાની સરતપાસમા જણાવેલ છે કે,પાણશીણા પો.સ્ટે.ના પી.એસ.આઈ કે.એ.જંકાત ઈન્ચાર્જ પીએસઆઈ તરીકે હતા ત્યારે તા.૯/૭/૨૨ ના ભોગ બનનારના પિતાએ તા.૧૭/૧/૨૨ થી ૯/૭/૨૨ સુધીના સમયગાળા દરમ્યાન તેઓની રુબરુ ફરીયાદ લખાવતા તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને ગુન્હો દાખલ કરેલ. બાદ તેઓ ના.પો.અધિ.લીબડી ડીવીઝનમા ફરજ બજાવતા હતા ત્યારે સદર ગુનો એસસીએસટી સેલને લગતો હોય અને તે તેમની તપાસનો હોય જેથી રીપોર્ટ સાથે તેમની પાસે મોકલી આપેલ. બાદ તા.૯/૭/૨૨ના આ કામના ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ કપડા પંચો રૂબરૂ આંક ૪૭નાં પંચનામાની વિગતે કબ્જે કરેલ. ત.ક.અધિ.એ મુદામાલ આર્ટી.નં.૧ કપડા તે ભોગ બનનારની માતાએ રજુ કરેલ અને તેઓએ તપાસના કામે કબજે કરેલ તે જ હોવાનું જણાવેલ છે. સાહેદે જણાવેલ છે કે,બાદ તા.૯/૭/૨૨ ના ભોગ બનનારનુ તેઓનુ લખાવ્યા મુજબનુ તેઓએ નિવેદન લખી લીધેલ અને તેણીએ તેમની રુબરુ મેડીકલ તપાસણી કરવા માટે સંમતિ આપેલ અને તેણીના માતાપિતાએ પણ સંમતિ આપેલ જે તમામમા તેઓએ સહી કરેલ અને રુબરુપણામા તેમણે સહી કરેલ. બાદ

તા.૯/૭/૨૨ ના આ કામના ભોગ બનનારની મેડીકલ તપાસણી કરવા માટે આંક ૨૩થી મેડી.ઓફી.લીંબડીને પત્ર લખેલ.મેડી.તપાસણી કર્યા અંગેનું સર્ટીફીકેટ તપાસના કામે મેળવેલ જે આંક ૨૪ થી રજુ થયેલ છે. ભોગ બનનારની મેડીકલ તપાસણી કરતી વખતે ડોકટરએ લીધેલ સેમ્પલ તથા શીલના નમુનાનો પત્ર તપાસના કામે સામેલ રાખેલ જે આંક–૨૫થી રજુ છે. તા.૯/૭/૨૨ ના આ કામના ભોગ બનનારની ગાયનેક મેડીકલ તપાસણી માટે મહાત્મા ગાંધી સુ.નગર હોસ્પિ.ના મેડી.ઓફી.નાઓને પત્ર લખેલ જે પત્ર આંક ૩૨ થી રજુ છે. મેડી.ઓફી.ગાયનેક હોસ્પિ.સુનગર ખાતે ભોગ બનનારની ગાયનેક મેડીકલ તપાસણી કરતી વખતે ડોકટરએ લીધેલ સેમ્પલો જે આંક ૩૪ થી સેમ્પલ તથા શીલના નમુનાનો પત્ર તપાસના કામે સામેલ રાખેલ. સદર ગુનો એસસીએસટી કલમ અન્વયે આરોપી વિરુઘ્ઘ નોંધાયેલ હોય જેથી સદર ગુનાની તપાસ કરવા માટે તા.૯/૧૦/૨૨ ના ઈન્ચાર્જ પો.અધિક્ષક સુ.નગર એસ.પી.દોશીનાઓએ ગુનાની તપાસ કરવા માટે હુકમ કરેલ જે હુકમ આંક–૫૮થી રજુ છે. બાદ તા.૧૦/૭/૨૨ ના રોજ આં ક–૪૧થી રજુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચો રૂબરૂ કરેલ. આરોપીને અટક કરેલ અને તેઓએ બનાવમા ઉપયોગ કરેલ મો.સા.પણ કબજે કરેલ. તેઓ બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા હોય જેથી પંચો રૂબરૂ આંક–૪૪ વાળુ પંચનામુ કરેલ. સાહેદે મુદામાલ આર્ટી.નં. ૨ આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા તથા આરોપીને ઓળખી બતાવેલ છે તથા જણાવેલ છે કે,બાદ તા.૧૧/૭/૨૨ ના આ કામના આરોપીને લીંબડી આરઆર હોસ્પિ.ખાતે મેડીકલ તપાસણી માટે મોકલેલ જે અંગેનુ સારવાર સર્ટીફીકેટ આંક–૨૮થી રજુ છે.ભોગ બનનારનુ તા.૯/૭/૨૨ ના નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ.તેણીએ તેણીનુ જાતિનુ પ્રમાણપત્ર રજુ કરેલ જે આંક ૧૨ થી રજુ છે.તા.૧૪/૭/૨૨ના ભોગ બનનારનુ જ)તિનુ પ્રમાણપત્ર બરોલ ગામના ત.ક.મંત્રીનાઓને તે પ્રમાણપત્રની ખરાઈ કરવા માટે પત્ર લખેલ જે આંક ૩૬ થી રજુ છે.ભોગ બનનારનુ જાતિનુ પ્રમાણપત્ર તાલુકા વિકાસ અધિ.લીંબડીનાઓએ ખરાઈ કરેલ જે ફોરવડીંગ પત્ર આંક–૫૯થી રજુ છે. સદર મુદામાલ તેમની તપાસ દરમ્યાન મેળવેલ જે એફએસએલ કચેરી,રાજકોટ

ખાતે આર્ટી.નં.૧ થી ૫ મોકલી આપેલ જે મુદામાલ રવાનગી નોંધમા તેમની તથા સતા અંગેના પ્રમાણપત્રમા તેમની સહી છે જે મુદામાલ રવાનગી નોંધ આંક –૬૦થી રજુ છે. એફએસએલ કચેરી,રાજકોટના મદદનીશ નિયામક બાયોલોજી વિભાગનાઓએ તા.૧૪/૭/૨૨ના તેઓને મોકલાવેલ મુદામાલ મળ્યા અંગેની પાણશીણા પો.સ્ટે.ને પહોંચ પાઠવેલ જે આંક ૫૩ થી રજુ છે તે તે જ છે.ગુજરાતના મોબાઈલ કંપનીના પ્રોવાઈડર સર્વીસ નોડલ ઓફીસરનાઓને પત્ર લખેલ જે પત્ર આંક–૬૧થી રજુ છે. બાદ તા.૧૪/૭/૨૨ના આ કામના ભોગ બનનાર નુ સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનુ તેઓને નિવેદન નોંધાવા વઢવાણ જયુડી.મેજી.ફ.ક.સાહેબનાઓને પત્ર લખેલ જે પત્ર આંક–૬૨થી રજુ છે. બાદ તા. ૧૪/૭/૨૨ ના આ કામના ભોગ બનનારનુ સીઆરપીસી કલમ–૧૬૪ મુજબનુ નિવેદન નોંધાવા વઢવાણ જયુડી.મેજી.ફ.ક.સાહેબનાઓને સમય ફાળવવાનો પત્ર મોકલેલ જે પત્ર આંક–૬૩થી રજુ છે. તા.૧૫/૭/૨૨ ના આ કામના ભોગ બનનારનુ સીઆરપીસી કલમ –૧૬૪ મુજબનુ તેઓને નિવેદન નોંધાવા વઢવાણ જયુડી.મેજી.ફ.ક.સાહેબનાઓની રુબરુ પાણશીણા પો.સ્ટે.ના પીએસઆઈ આર.જે.જાડેજાનાઓએ હાજર રખાવેલ જે પત્ર આંક–૬૪થી રજુ છે. તા.૨૩/૮/૨૨ ના રોજ ભોગબનનારના બરોલ ગામના જન્મ રજીસ્ટરમા ત.ક.મંત્રી એ રજીસ્ટરમા તેની જન્મ તારીખની ખરાઈ કર્યાનો પત્ર લખેલ જે આંક ૩૭થી રજુ છે. ભોગ બનનારનુ ગ્રામ પંચાયત,બરોલમા નોંધાયેલ જન્મનુ પ્રમાણપત્ર આંક–૬૬થી રજુ છે. ભોગ બનનારનુ દેવાનંદ સ્વામી વિદ્યાલય સ્કુલનુ લીંવીગ સર્ટી. તપાસના કામમા સામેલ રાખેલ.બાદ સદર આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ તે બાબતના તેઓએ તેમના મોબાઈલમા ફોટા અપલોડ કરેલ અને તેનુ ખોટુ ફેશબુક આઈડી બનાવેલ જેનો મોબાઈલ એફએસએલ ગાંધીનગર ખાતે પૃથકરણ અર્થે મોકલી આપેલ જે આંક ૫૪ થી પૃથકરણમા મોકલ્યા અંગેનો પત્ર તથા આંક ૫૫ તથા આંક ૫૬ પૃથકરણ અહેવાલ મેળવીને તપાસના કામમા સામેલ રાખેલ તે તે જ છે.આરોપીએ તેઓના મોબાઈલમા ભોગ બનનારનુ ખોટુ ફેશબુક આઈડી બનાવેલ બાદ તે અન્ય વ્યકિતનાઓને જાણ થતા તે તેઓના મોબાઈલમાથી ફેશબુક આઈડી

ડીલીટ કરેલ જે પેજ નં. ૧ થી ૩ તપાસના કામે અસલ સામેલ રાખેલ છે જે સંયુકત આંક–૬૮થી રજુ છે. બાદ તેમની સદર ગુનાની તટસ્થ તપાસ અન્વયે આરોપી વિરુધ્ધ તેઓની સામે કેસ ચાલે તેવો પુરતો પુરાવો મળી આવેલ હોય જેથી સ્પે.પોકસો કોર્ટમા ચાર્જશીટ નં.૧૨૮/૨૨ તા.૨૩/૮/૨૨ દાખલ કરેલ જે ચાર્જશીટમા ના.પો.અધિ.એસસીએસટી સેલ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે.

(૫૮) બચાવ પક્ષની ઉલટ તપાસમાં તપાસ કરનાર અધિકારીએ સ્વીકારેલ છે કે,આ કામની ફરીયાદ તેમના સાથી કર્મચારીએ લીધેલ છે. આ કામમા તમામ પંચનામાઓ અને સાહેદોના નિવેદનો કમ્પ્યુટરમા ટાઈપ કરી કોપી કાઢવામા આવેલ છે.આ સિવાયના સુચનોનો ત.ક.અધિ.એ ઈન્કાર કરેલ છે.

(૫૯) ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ ક્રીષ્નાબા હમીરભાઈ ઝનકાતને આંક–૬૯થી તપાસવામાં આવેલા છે. સદર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે,તેઓ લીંબડી પો.સ્ટે.મા સને ૨૦૨૨મા પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હતા જે તે સમય દરમ્યાન પાણશીણા પો.સ્ટે.ના પીએસઆઈ જાડેજા રજા પર હોય જેથી તે પો.સ્ટે.નો ચાર્જ તેમની પાસે હોય જેથી ઈન્ચાર્જ તરીકે તા.૯/૭/૨૨ ના ફરજ દરમ્યાન ફરીયાદીનાઓએ તેમના રુબરુ તેઓની ફરીયાદની હકીકત જણાવતા તે ફરીયાદીની હકીકતે ફરીયાદ લખી લીધેલ. ત્યારબાદ તેમના રુબરુ તેમા ફરીયાદીએ સહી કરેલ અને રુબરુપણામા તેમની સહી છે જે તમામ સહીઓ ઓળખી બતાવે છે. બાદ સદર ફરીયાદ અન્વયે આરોપી સામે ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ લીંબડીના ના.પો.અધિ.સી.પી.મુંધવા તરફ આંક ૧૪ વાળી ફરીયાદ તથા અલાયદા રીપોર્ટ સાથે મોકલી આપેલ. તા.૯/૭/૨૨ના રોજ ના.પો.અધિ.સી.પી.મુંધવાએ તેમની હાજરીમાં ભોગ બનનારનું નિવેદન નોંધેલ અને જે તે નિવેદનમાં ભોગ બનનારે તેની સાથે બનાવ બનેલ તેની સમગ્ર વિગત જણાવેલ.

(૬૦) બચાવ પક્ષની ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે,તેમણે સુરેન્દ્રનગર જીલ્લામા સને ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી ફરજ બજાવેલ છે.

તેમનો હોદ્દો પોલીસ સબ ઈન્સપેકટરનો હતો.બનાવ સમયે તેઓ લીંબડી પો.સ્ટે.મા ફરજ પર હતા અને તેમની પાસે પાણશીણા પો.સ્ટે.નો ચાર્જ હતો. ફરીયાદ સાથે તેમને જન્મનો દાખલો અને એલસી મળેલ તેની ખરાઈ કરવા તેમણે કોઈ તપાસ કરેલી નથી. તેમણે ફરીયાદ રજીસ્ટર્ડ કરી તે વખતે ના.પો.અધિ.મુંધવા હાજર ન હતા.

**(૬૧)** આમ, ઉપરોકત ફરીયાદ લેનાર પોલીસ સાહેદની જુબાની ધ્યાને લેતાં, તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલાનું તેમની જુબાનીમાં જણાવેલ છે. પરંતુ,ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેમની આંક–૧૩ની જુબાનીની આરોપી તરફે થયેલ ઉલટ તપાસ ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદ લખાવવા ગયા ત્યારે તેમના ગામના ઘણા બધા માણસો હાજર હતા. ગામના માણસોમાંથી કોઈકે આરોપીનું નામ આપેલુ. શકના આધારે તેમણે આરોપીનું નામ લખાવેલુ. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પુછેલુ તે સીવાય તેમણે કશુ લખાવેલુ નહી. પોલીસે લખેલા કાગળમાં સહી કરવાનં કહેતા તેમા સહી કરી આપેલી. તેમણે પોલીસને તેમની ભોગ બનનાર દિકરીનું જન્મનુ પ્રમાણપત્ર કે જાતીનો દાખલો આપેલ નથી. આમ,ફરીયાદીની જુબાનીની હકીકતો ધ્યાને લેતાં, આંક–૧૪થી રજુ ફરીયાદ હકીકત શંકાસ્પદ બની રહે છે. વધુમાં,આગળ કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષનાં મહત્વપુર્ણ સાહેદો ફરીયાદી અને ભોગ બનનારે ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ નથી. વધુમાં,તપાસ કરનાર અધિકારીએ પોતાની જુબાનીમાં તેઓએ કરેલ તપાસની કાર્યવાહીનું વર્ણન કરેલ છે. પરંતુ, આગળ કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષના મહત્વપુર્ણ સાહેદો ભોગ બનનાર તથા ભોગ બનનારના માતા–પિતા તેમજ તેમના કુટુંબીજનોએ ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ નથી તેમજ પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

### –: <u>સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન</u> :–

**(૬૨)** આમ,આ કામે રજુ થયેલ ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો આ કામે સૌથી મહત્વના સાહેદ એવા ભોગ બનનારનો પુરાવો આંક–૦૭થી રજુ થયેલ છે જેમાં તેણીએ આ કામના આરોપી તેણીને ધમકી આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ હોય કે અવારનવાર

બળાત્કાર (સંભોગ) કરેલ હોય કે ખોટુ ફેસબુક આઇડી બનાવી ફોટા અપલોડ કરી વાયરલ કરેલ હોય કે જાતિ અપમાનિત થાય તેવુ કોઇ કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી અને ભોગ બનનારને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામા આવેલ છે. ભોગ બનનારે બનાવની કોઇ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી ભોગ બનનારનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેણીના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ નથી.જેથી ભોગ બનનારના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

**(૬૩)** ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ અન્ય મહત્વના સાહેદનો પુરાવો જોવામા આવે તો ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેઓની જુબાની આંક-૧૩થી, ભોગ બનનારની માતાની જુબાની આંક-૧૫થી, ભોગ બનનારના દાદાની જુબાની આંક-૧૬થી,ભોગ બનનારના બન્ને કાકાઓની જુબાની આંક-૧૭,૧૮થી રજુ છે જેઓની જુબાનીની હકીકતો ધ્યાને લેતાં પણ તેઓના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતુ નથી.જેથી આ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તથા તેઓના પુરાવાના આધારે પણ આરોપીને ગુનેગાર ઠરાવી શકાય નહી. વધુમાં,ફરીયાદ પક્ષે તપાસેલ સ્વતંત્ર સાહેદોએ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેઓની જુબાની આધારે આરોપીને હાલનાં ગુન્હાનાં કામે સાંકળી શકાય તેમ નથી. જેથી, સદર સ્વતંત્ર સાહેદોની જુબાની ફરીયાદ પક્ષને મદદરૂપ બનતી નથી.

**(૬૪)** વધુમા આ કામે રજુ થયેલ અન્ય સાહેદોનો પુરાવો જોવામા આવે તો તેમા તપાસ કરનાર અમલદારનો પુરાવો તેઓએ કરેલ કાર્યવાહી અંગેનો છે જે આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળવા અશકિતમાન છે.ઉપરાંત ફરીયાદ પક્ષે આંક-૫૩થી મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પહોંચ, આંક-૫૪થી મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલ્યાનો રવાનગી પત્ર તથા આંક-૫૫ તથા ૫૬થી મુદ્દામાલ નો બાયોલોજી તથા શીરોલોજી પૃથકકરણ અહેવાલ રજુ છે જે વંચાણે લેતાં તેના આધારે આરોપીની ગુન્હાના કામે સંડોવણી થઇ શકે તેવુ ફલિત થતુ નથી. તે જ રીતે, તપાસ કરનાર અધિકારીની જુબાનીમાં આંક-૬૮થી ફેશબુક આઇડીની ડીટેઇલ્સ તથા તેમાં અપલોડ કરેલ ફોટા રજુ છે તેમજ આંક-૧૧થી ભોગ બનનારનાં ફેસબુક આઇડીના ફોટા રજુ છે પરંતુ, ભોગ બનનારે તેણીની જુબાનીમાં આરોપી તરફે થયેલ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,આંક-૧૧ વાળા ફોટા જોઇને

કહુ છુ કે, તેમાં એક ફોટામાં આંખો દેખાતી નથી જેથી કહી શકાય નહી કે આ ફોટો તેણીનો જ છે. તેણીના નામની અન્ય વ્યકિતઓ પણ હોઇ શકે. વધુમાં,સદર દસ્તાવેજી પુરાવાઓ ઉપર ફકત આધાર રાખીને આરોપીને તેમની વિરૂધ્ધના આક્ષેપિત ગુના સાથે સાંકળી શકાય નહી કારણ કે,આ કામે ભોગ બનનારે તેમના પુરાવામાં નિવેદનમા જણાવ્યા મુજબનો કોઇ બનાવ બનેલ હોય તેવી કોઇ હકીકતને સમર્થન આપેલ નથી.

**(૬૫)** આમ, ફરીયાદ પક્ષે આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે ભોગ બનનાર અને ફરીયાદી કે જે ભોગ બનનારના પિતા છે તેઓને તથા ભોગ બનનારની માતા તથા કુટુંબીજનોને તથા સ્વતંત્ર સાહેદોને મહત્વના સાહેદો તરીકે તપાસવામા આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે.ત્યારબાદ પુરાવા અધિનીયમની કલમ ૧૫૪ અન્વયે કરવામા આવેલ વિ.એડી.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને સમર્થન મળે તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેઓના પોલીસ સમક્ષના નિવેદનો અને ફરીયાદ હકીકતોને પણ આ ભોગ બનનાર તથા ફરીયાદી સમર્થન આપતા નથી.જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપીત ગુનો સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલા છે. પુરાવા અધિનીયમની કલમ ૧૦૧ અન્વયે ફરીયાદપક્ષ પુરાવાના બોજાનો વહન કરવામા સદંતર નિષ્ફળ ગયેલા હોય આરોપીને તેમની વિરુધ્ધના આક્ષેપીત ગુના માટે દોષિત ઠરાવી શકાય તેમ નથી.

**(૬૬)** આમ,આ કામે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે તે મૌખિક પુરાવાઓનું તલસ્પર્શીય મુલ્યાંકન કરવામાં આવે તો તેનાથી એવી હકીકત જણાઇ આવે છે કે, આ કામનાં આરોપીઓ કોઈ પણ રીતે આક્ષેપિત ગુના સાથે સંડોવાયેલ હોય તેવો કોઇ પુરાવો ભોગ બનનારે કે તેણીના માતા-પિતાએ પુરો પાડેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે તપાસેલ ડોકટર સાહેદો પોતાના પુરાવામાં ભોગ બનનારની જે તપાસણી કરેલ તે મુજબનો પુરાવો આપી હકીકત જણાવેલ છે તેમજ આ કામે તપાસણી દરમ્યાન ભોગ બનનારના તથા આરોપીના મેળવેલ સેમ્પલો તપાસ કરનાર અધિકારી ધ્વારા પૃથકકરણ માટે મોકલેલ જે અંગેનો પૃથકકરણ અહેવાલ આ કામે આંક-૫૫,૫૬થી રજુ છે. પરંતુ, સદરહુ દસ્તાવેજી પુરાવો તે સમર્થનકારી પુરાવો છે અને જયારે ખુદ ભોગ બનનાર પોતાના પુરાવામાં આરોપીએ તેની સાથે આક્ષેપિત કૃત્ય કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા ન હોય મેડીકલ પુરાવો તથા એફ.એસ.એલ.ના પુરાવા આધારે આરોપીને સદરહુ ગુનામાં

તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૬૭)** આમ,આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનાં આક્ષેપિત ગુના પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨ની કલમ-૨૯માં ફરીયાદ પક્ષની તરફેણમાં જે અનુમાન કરવા જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ કલમ-૩૦માં આરોપીઓની ગુનાહિત માનસિક સ્થિતી અંગે અનુમાન કરવાની જે જોગવાઇ કરવામાં આવેલી છે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીઓ ઉપર છે. પરંતુ, આ કામે તેનુ ખંડન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે, આ કામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨ની કલમ-૧૨,૧૭ મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે ફરીયાદ પક્ષે કોઇ પુરાવો પાડેલ ન હોય ત્યારે આ કામનાં આરોપીઓએ સદર કલમોમાં કરવામાં આવેલ જોગવાઇ અનુસારનો ગુનો કરેલો છે તથા આરોપીઓ ગુનાહિત માનસિકતા ધરાવતા હતા, તેવુ અનુમાન કરવુ યોગ્ય, ન્યાયીક અને ઉચિત ન હોવાનું આ અદાલતનું માનવુ છે.

**(૬૮)** આ તબકકે એ નોંધવુ જરૂરી છે કે, અત્રેની વિશેષ અદાલત જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨ની કલમ-૩૩(૮), ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૫૭(એ)(૨)(૩) તથા (બી), જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો, ૨૦૨૦ના નિયમ-૯(૧)(૩) તથા ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના,૨૦૧૯ના નિયમ-૫(૨),૯(૫) સાથે રીટ પીટીશન (સીવીલ) નં.૬૬૫/૨૦૧૨ના કામે નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લઇ ભોગ બનનારને નિપજેલ હાની બાબતે વળતર અપાવી શકે તેમ છે. પરંતુ, આ કામે ભોગ બનનાર ધ્વારા જે સોગંદ ઉપર પુરાવો પુરો પાડવામાં આવેલો છે, તેને ધ્યાને લેવામાં આવે તો ભોગ બનનાર સાથે આક્ષેપ મુજબનો કોઇ પણ બનાવ બનેલ હોવાની હકીકતો બાબતે ભરોસાપાત્ર, સબળ અને વિશ્વસનીય પુરાવો ભોગ બનનારે પુરો પાડેલ નથી. વધુમાં, ભોગ બનનારને આક્ષેપિત બનાવના કારણે કોઇપણ પ્રકારે હાનિ પહોંચેલ હોય અને તેનાથી કોઇ પણ પ્રકારનો ખર્ચ કરવો પડેલ હોય કે સહન કરવુ પડેલ હોય કે ભોગ બનનારે કોઇ ગુમાવવુ પડેલ હોય તેવી હકીકત બતાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. એટલુ જ નહી, ભોગ બનનાર સાથે આક્ષેપિત બનાવ બનેલ ન હોવાનુ પુરવાર થતુ હોય ત્યારે, ભોગ બનનારને આવા બનાવના કારણે કોઇપણ પ્રકારની શારીરીક કે માનસિક હાનિ કે નુકશાન પહોંચેલ હોવાનુ સ્વીકારી શકાય

નહી. આથી આ કામે ભોગ બનનાર કોઈ પણ પ્રકારની સહાય મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવવામાં આવે તો તે યોગ્ય, ન્યાયી અને ઉચિત હોવાનું આ અદાલતનું માનવુ છે.

(૬૯) આ કામમાં તપાસ એજન્સી ધ્વારા મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે તેમાં મુદ્દામાલ કાળા રંગનો ઓપ્પો કંપનીનો ટચ સ્ક્રીન મોબાઇલ એ–૫૩ એસ મોડલનો તથા એક કાળા રંગના પટ્ટાવાળુ મોટર સાયકલ, રજી.નં.જીજે–૧૩–એજે–૦૧૬૫ વાળુ છે તે અંગે અરજદારને વચગાળાના તબકકે પરત સોંપવા અંગેનો હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે માલીકીની ખરાઈ કરી અરજદારને નિયમાનુસાર પરત કરવા હુકમ કરવામાં આવે છે તેમજ આ કામે કબ્જે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલની આજદિન સુધી કોઇના પણ ધ્વારા માંગણી કરવામાં આવેલ નથી. જેથી, બિનકીંમત મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે તો યોગ્ય, ન્યાયી અને ઉચિત રહેશે તેવુ આ અદાલતનુ માનવુ છે.

(૭૦) આમ, આ કામનાં આરોપીએ બનાવના અરસામાં આ કામના ભોગ બનનાર સગીર વયનાં અને અનુ.જાતિના હોવાનું જાણવા છતાં,તેણીના પરિવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી, બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ, તેણીની સહમતી વગર અવારનવાર બળાત્કાર (સંભોગ) કરી, ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવી તેમાં સગીર ભોગ બનનારનાં ફોટા અપલોડ કરી, જાહેરમાં પ્રદર્શીત કરી, વાયરલ કરી,ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૭૬(૨)(જે)(એન),૫૦૬(૨),જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૩(એ),૪,૧૮, ધી ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ–૬૬(સી),૬૬(ઈ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ–૨૦૧૫ની કલમ–૩(૨)(૫–અ),૩(૧)(ડબલ્યુ)(૧) મુજબનો ગુન્હો કરેલ હોય તેવુ ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેવા સંજોગોમા ઉપરોકત કરેલ ચર્ચાના આધારે મુદદા નં.૩ થી ૬ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદદા નં.૭ બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧)** આ કામનાં આરોપી રોહીતભાઇ ધનજીભાઇ રાઠોડ,રહે.બળોલીયા શેરી, બળોલ,તા.લીંબડી, જી.સુરેન્દ્રનગરનાંઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ -૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩,૩૭૬(૨)(જે)(એન),૫૦૬(૨),જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૩(એ),૪,૧૮, ધી ઇન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૮ની કલમ-૬૬(સી),૬૬(ઇ)(એ)(બી)(સી)(ડી),૬૭(બી)(એ) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ-૨૦૧૫ની કલમ-૩(૨)(૫-અ),૩(૧)(ડબલ્યુ)(૧) મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ કાળા રંગનો ઓપ્પો કંપનીનો ટચ સ્ક્રીન મોબાઇલ એ-૫૩ એસ મોડલનો તથા એક કાળા રંગના પટ્ટાવાળુ મોટર સાયકલ, રજી.નં.જીજે-૧૩-એજે-૦૧૬૫ વાળુ છે તે અંગે અરજદારને વચગાળાના તબકકે પરત સોંપવા અંગેનો હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય વિત્યે માલીકીની ખરાઇ કરી અરજદારને નિયમાનુસાર પરત કરવા હુકમ કરવામાં આવે છે તેમજ આ કામે કબ્જે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ-૧૮મી, માહે-જુલાઇ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરવામાં આવ્યો.

તારીખ-૧૮/૦૭/૨૦૨૬
મુકામ-લીંબડી.

(એમ.ડી.પાંડેય)
સ્પેશ્યલ જજ(પોકસો) અને
એડીશ્નલ સેશન્સ જજ, લીંબડી,
જીલ્લો-સુરેન્દ્રનગર.
(Judge Code-GJ01542)